Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] માગશર. સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૯ મો.

## મન અને માયા.

મનડું આ મરકટ સમું, દે તનડામાં દોટ;
જીવ મદારી જોઇ રહ્યો, ચલવે અવળી ચોટ.
ચલવે અવળી ચોટ, વશ નવ કીધું તેથી;
ઉલટો વશ થઇ રહ્યો, મદારી જો મર્કટથી.
કે છે દિલખુશદાસ, ટળી જશે આ તનડું;
ત્યારે ટળશે દેહ, અરે! મર્કટ સમ મનડું. 1

સાચી માયા સૃષ્ટિની, માની બેઠા જેહ;
તેહીજ જન પરલોકમાં, પામ્યા પૂરણ છેહ.
પામ્યા પૂરણ છેહ, ઠગારી માયાથી એ;
અંધ થયો અજ્ઞાન, તજી અમૃત વિષ પીએ;
કે છે દિલખુશદાસ, જગત્ ઝાંખુ છે દૃષ્ટિ;
સાચી સમજણ શોધ, માયા સાચી નહીં સૃષ્ટિ. ૨

માયા માયા શું રટે, માયા ઠગણી જાણ;
માયાના મોહે ફરત, નર્કે નાખે પ્રાણ.
નરકે નાખે પ્રાણ, હાણ એ મોટી હરદમ;
વિચારી જો તું જીવ, ચતુરાઇ ચલવી ચોગમ;

For Private And Personal Use Only

કે છે દિલખુશદાસ, કહો શું અહીં કમાયા;
કર્યું ખોટનું કામ, રટે શું માયા માયા. ૩

માયાની આ મોહની, વીંટાણી ચોપાસ;
જ્યાં જોઇએ ત્યાં એહનો, દેખાયે આભાસ.
દેખાયે આભાસ, પાસ એ બાંધી બેઠી;
અજ્ઞાનીને ઉર, હઠીલી થઇને પેઠી;
કે છે कर्पूरदास, જ્ઞાનીઓ નવ લોભાયા;
છાઇ રહી જગમાંહી, દિલખુશ મોહન માયા. ૪

## समश्लोकी* सूक्तरत्नावली.

( લેખક—શામજી હેમચંદ માસ્તર. )

विबुधानन्दजननीं, गुरोर्वाचमुपास्महे ।
या रसेव रसै रम्या, मङ्गलोत्सवकारिणी ॥ १ ॥

આનંદકારી બુધને, સેવું ગુરૂની વાણ;
રસથી મહિવત્ રમ્ય તે, મંગળની જે ખાણ. ૧

वचोभिर्नीतिनिस्यन्दकन्दकादम्बिनीनिभैः ।
दद्मो व्याख्याजुषां शिक्षां, मुखाम्भोजरवित्विषम् ॥ २ ॥

નીતિદિંદને વચનમાં, મેઘમાળાની જેમ;
વક્તાના મુખકમળને, સૂર્યકિરણસમ તેમ. ૨

भावसाम्ययुक्तानि, सूक्तानि प्रतिकुर्महे ।
रविपादैरिवाम्भोजं, यैः सभोल्लासभाग् भवेत् ॥ ३ ॥

સરસભાવથી શોભતાં, સૂક્તો[1] રચું મનોહાર;
રવિકિરણથી કમળવત્, થાય સભાને પ્યાર. ૩

विनेन्दुनेव रजनी, वाणी श्रवणहारिणी ।
दृष्टान्तेन विना रम्यन्ते, विस्मयं वितनोति न ॥ ४ ॥

* અહીં શ્લોક અનુષ્ટુપ્ છે અને તેનો ભાગ દુહામાં આપ્યો છે છતાં તેને નામ સમશ્લોકી આપ્યું છે. ૧ સારાં સારાં વાક્યો, શ્લોકો.

થોડી વાણી હોય પણ, શશિબિંબ શોભે જેમ;
દૃષ્ટાંતો બિણુ નવ ખને,[1] વિસ્મય ન કરે તેમ. ૪

दृश्यते सदसद्वस्तु, यैर्भास्करकरैरिव ।
दृष्टान्तास्तुष्टये सन्तु, काव्यालङ्कारकारिणः ॥ ५ ॥

સારી નરતી વસ્તુઓ, સૂર્યવડે દેખાય;
દૃષ્ટાંતો કવિલોકને, શાંતિ માટે થાય. ૫

अतश्चित्तचमत्कारमकराकरचन्द्रिकाम् ।
भावयुक्तेषु सूक्तेषु, ब्रूमो दृष्टान्तपद्धतिम् ॥ ६ ॥

તેથી ચિત્તસમુદ્રને, ચંદ્રિકાની જેમ;
ભાવયુક્ત સૂક્તો અને, દૃષ્ટાંતો કહું તેમ.

भवेत्तुङ्गात्मनां संपद्, विपद्यपि पटीयसी ।
पत्रपाते पलाशानां, किं न स्यात् कुसुमोद्गमः ? ॥ ७ ॥

મ્હોટાઓને સંપદા, આપદમાં પણ થાય;
પાન જાય ખાખરતણા, તો ફુલે ઉભરાય. ૭

गुणदोषकृते स्थानास्थाने तेजस्विता स्थिता ।
दर्पणे मुखवीक्षायै, खड्गे प्राणप्रणाशकृत् ॥ ८ ॥

તેજે તેજે ફેર છે, જુઓ કાચ તલવાર;
એકે મુખ નિહાળિએ, એક કતલ કરનાર. ૮

पदे पदेऽधिगम्यन्ते, पापभाजो न चेतरे ।
भूयांसो वायसाः सन्ति, स्तोका यच्चापपक्षिणः ॥ ९ ॥

પગલે પગલે પાપીઓ, પુણ્યવાન તો સ્તોક
જગમાં ઝાઝા કાગડા, અપૈયા તો કોક. ૯

अपि तेजस्विनं दौःस्थ्ये, त्यजन्ति निजका अपि ।
न भानुर्भानुभिर्मुक्तः, किमस्तसमये सखे ! ॥ १० ॥

મ્હોટાને પણ કષ્ટમાં, પોતાના તજી જાય;
અસ્તસમય શું સૂર્યના, કિરણ રહે છે ક્યાંય ? ૧૦

૧ શોભે. ૨ થોડા.

Shri Mahavir Jain Aradhana Kendra　www.kobatirth.org　Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

ज्योतिष्मानपि सच्छिद्रैः, सङ्गतोऽनर्थहेतवे ।
पतङ्गकान्तरिता दीपप्रभा पुण्यप्रणाशिनी ॥ ११ ॥

છિદ્રસંગથી તેજ પણ, અનર્થ માટે થાય;
પતંગની દીપકપ્રભા, પુણ્યપ્રણાશી ગણાય. ૧૧

मलिनोऽपि श्रियं याति, सद्भिर्मिलनादलम् ।
सम्पृक्ताञ्जनं भाति, किं दृशां हरिणीदृशाम् ? ॥ १२ ॥

મલિન પણ શોભા લહે, જો સત્ સમાગમ થાય;
શું નારીના નેત્રમાં, અંજન નવ વખણાય? ૧૨

पराभूतोऽपि पुण्यात्मा, न स्वभावं विमुञ्चति ।
तोयमुष्णीकृतं कामं, शीततां पुनरेति यत् ॥ १३ ॥

તપાવતાં પુણ્યાત્મનો, સ્વભાવ નવ પલટાય;
ઉનું કરીએ પાણીને, વિશેષ ઠંડું થાય. ૧૩

महोत्सवे च जायन्ते, पापभाजामभूतयः ।
नापत्राः किं वसन्तेऽपि, करीरतरवोऽभवन् ? ॥ १४ ॥

આબાદી જોઇ અન્યની, પાપીજન સુકાય;
વસંતમાં એક કેરડો, પત્રરહિત જણાય. ૧૪

नीचसङ्गेऽपि तेजस्वी, नैर्मल्यं भृशमश्नुते ।
किमभूद्भस्मलिप्तेऽपि, दर्पणाद्भिर्न दर्पणे ? ॥ १५ ॥

તેજસ્વિ તો નીચના, સંગે પણ શુદ્ધ થાય;
ભસ્મતણા લેપન થકી, દર્પણ શુદ્ધ જણાય. ૧૫

बिभर्ति भृशमुल्लासं, सद्वृत्तः पीडितोऽपि हि ।
किं नाऽभून्मार्दवं भूरिवह्नौ मुक्तेऽपि पर्पटे ? ॥ १६ ॥

પીડા કરીએ સંતને, હર્ષિત તોય જણાય;
અગ્નિમાં નાખ્યા છતાં, પાપડ કોમળ થાય. ૧૬

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुसंप स्थापवा अने कुसंप कापवा लक्षमां राखवा योग्य बे बोल.

## નિજ નિજ આત્મશક્તિનો ગેરઉપયોગ નહિં કરતાં સદુપયોગ કરવાથી થતો અપૂર્વ લાભ.

આપણે પરાપૂર્વથી સાંભળતા આવ્યા છીએ કે '**સંપ ત્યાં જંપ**' અથવા '**સંપ ત્યાં સુખ**' અને '**કુસંપનું મોં કાળું**' પરંતુ તેના ગુણ દોષનો પૂરતો વિચાર કરી સુસંપ સ્થાપવા અને કુસંપ કાપવા ઘણે ભાગે ઓછીજ કાળજી રાખવામાં આવે છે. જો ચીવટથી કુસંપ કાપવા અથવા એથી વેગળા રહેવા ખાસ કાળજી રહેતી હોય તો ધીમે ધીમે તે નિર્મૂળ થઇ જઇને સુસંપ સ્થપાય છે અને તેના મીઠાં ફળ ચાખવાનો ઉત્તમ પ્રસંગ પણ અનુભવાય છે. વડનાં બીજ જેવડો નાનો એટલે વવાતો નજીવો કુસંપ પણ ધીમે ધીમે વધતો વડ જેવો મોટો થઈ પડે છે. અને તેનાં માઠાં ઝેરી ફળો ઘણા કાળ સુધી ઘણાએક જીવોને સંતાપ ઉપજાવતાં રહે છે. આ વાત ઘણાએક ભાઈ બ્હેનોને અનુભવસિદ્ધ થયેલી હોય છે. ડહાપણથી ઘણાએકને બોલતાં સાંભળીએ છીએ કે "**મોર પીંછે રળીયામણો**" પણ બોલવા મુજબ પાળનારા વિરલાજ હોય છે. બીજાને ડહાપણ આપવું એટલે કથની કરી જવી એ સુલભ છે પણ એને બદલે સ્વયં ડહાપણ લેવું એટલે એ મુજબ ચાલવું-રહેણીએ રહેવું તે કઠણ કામ છે. બીજાને કહેવું મીઠું લાગે છે પણ પોતાને પાળવું કડવું લાગે છે. બીજાને પાણી ચઢાવવા ભાટ ચારણ જેવું બોલતાં ઘણાને આવડે છે પણ તે મુજબ પોતાનું વર્ત્તન રાખવામાં ઘણે ભાગે શૂન્યતા જેવુંજ હોય છે. આવા જીવો કદી ઘણું ભણ્યા હોય અને વેદ, કિતાબ કે ધર્મશાસ્ત્રોમાં કુશળતા મેળવી હોય તો પણ તેમનું આચરણ જોતાં પ્રેક્ષકો સ્વમુખે કહી દે છે કે એ તો '**ભણ્યા પણ ગણ્યા નથી.**' એ તો **વેદીયા ઢોર જેવા છે.** એવા મેણાં તેમને વારંવાર ખાવા પડે છે, પરંતુ જે ભાગ્યવંત જીવો કહેવા માત્ર નહિ પણ સુસંપ કરી દેખાડે છે, તેઓજ અન્ય ભવ્યાત્માઓને **પ્રશંસનીય** અને **અનુકરણીય** બને છે. દુનિયામાં ખરી રીતે તેઓજ સુખી થાય છે.

આપણામાં ઘણા કાળથી એવી એક કહેવત ચાલી આવેલી છે કે '**કહેવા કરતાં કરી દેખાડવું ભલું**' અને '**પગ ઉપર કુહાડો લીધા વગર કોઇ કામ નીપજે નહિં**' પરંતુ સ્વાર્થઅંધતા વડે આવી કહેવતનો ઉપયોગ સારાં કામ કરવામાં બહુજ ઓછો થાય છે. તેનું પરિણામ એ આવે છે કે એક બીજા સ્વાર્થી-એકલપેટીયા ઉન્મત્ત અથવા બેપરવા બની જાય છે. સહુને કંઇને કંઇ ઉપયોગી

For Private And Personal Use Only

અવાને બદલે પોતાનો કલ્પિત સ્વાર્થ સાધી લેવાને, એક હથીઆરરૂપ બનાવી લે છે, અને બીજા બાળ-અજ્ઞ જીવો દેખે એવું શીખે, એટલે એક બીજાનું સ્વાર્થભર્યું આચરણ જોઇને પોતપોતાના કલ્પિત સ્વાર્થ સાધવામાંજ દરેકની તૈયારી થતી જાય છે.

પૂર્વ પુન્યયોગે કહો કે પ્રભુની કૃપાથી આ દુર્લભ મનુષ્ય ભવાદિક શુભ સામગ્રી પામી, તેની સાર્થકતા કરી લેવા માટે સહુ સંગાતે મિત્રતા, દુઃખી પ્રત્યે કરૂણા, સદ્દગુણી પ્રત્યે પ્રમોદ અને અત્યંત નિર્દય પરિણામી પ્રત્યે અદ્વેષ-પણ ઉદાસીનતા રાખવાની આપણી પવિત્ર ફરજ છે. અપરાધી જીવનું પણ અણહિત કરવાની બુદ્ધિ જોઇએ નહિ. બની શકે ત્યાંસુધી ભલુંજ કરવાની ઇચ્છા રાખવી જોઇએ. આપણા કરતાં વ્યવહારિક રીતે ઉતરતા દરજ્જાના હોય તેમના તરફ બને તેટલી દયા-દીલસોજી-અનુકંપા દાખવવા તત્પર થવું જોઇએ. બીલકુલ લાચાર સ્થિતિવાળાનો કોઇ રીતે ઉદ્ધાર કરવા તનતોડ મહેનત કરૂણાર્દ્ર દીલે કરવી જોઇએ. અને સુખી કે સદ્દગુણીને દેખી દીલમાં પુષ્કળ પ્રમોદ લાવવો જોઇએ. કમકમાટી ઉપજાવે એવાં પણ દારૂણ પાપકર્મ કરનાર ઉપર એકાએક ખીજવાઇ જવાને બદલે તેમને સારા માર્ગે લાવવા કોઇપણ માર્ગ સૂઝે તો તે અજમાવી જોવા, અને તેમ કરીને રદ થઇ જતી તેમની જીંદગીને સુધારવા બનતો પ્રયત્ન કરી જોવા લક્ષ રાખવું જોઇએ. તેમાં કોઇ ઉપાય ચાલી ન શકે તો છેવટે તેમના ઉપર નકામો દ્વેષ નહિં લાવતાં ઉદાસીન ભાવ રાખી અગત્યની બીજી ફરજો બજાવવી જોઇએ. મતલબ આપણા વિચાર, વાણી અને આચાર પવિત્રજ રાખવા, તેમાં મલીનતા ન આવે એવો પ્રયત્ન ચીવટથી કરવો જોઇએ.

જો આપણાં મન વચન અને કાયાને પવિત્ર રાખવા-મલીન નહિ થવા દેવા માટે પૂરતું લક્ષ રાખવામાં આવશે તો પ્રથમ આપણામાં જ જે સુસંપ Harmony સ્થાપવાની અત્યંત આવશ્યકતા રહેલી છે તે સિદ્ધ થઇ શકશે અને જો તેમ કરીશું તોજ આપણે આપણા પવિત્ર આચાર, વાણી અને વિચારના બળવડે અન્ય યોગ્ય જીવોને સન્માર્ગદર્શક પણ બની શકશું અને 'આપ **સમાન બળ નહિં**' એ કહેવતને પણ સાચી પાડી શકશું. જુઓ એક વીણા (તંત્રી) ના પણ ત્રણ તાર જો સારા-એક રાગી હોય તોજ તે સુર આપી અન્ય જનોને રીઝવી શકે છે, પણ જો તેમાંનો એકાદ તાર તૂટી ગયો હોય-અસ્તવ્યસ્ત થઇ ગયો હોય તો તે તંત્રી ખોટી નકામી-બેતાલ બની જઇ કોઇને આનંદ આપી શકતી નથી. તે મુજબ કોઇ પણ માનવ વ્યક્તિ જો પોતાના મન, વચન, કાયાને કાબુમાં રાખી તેનો સદુપયોગ કરે તો તે સ્વપર અનંતું હિત સાધી શકે છે. પરંતુ જો તેને સ્વેચ્છાથી મોકળાં મૂકી

હઇ, તેનો ગેરઉપયોગ અથવા દુરૂપયોગજ કરે તો તેથી સ્વપર અનેકનું હિત થવાને બદલે અહિતજ થવા પામે છે.

આપણે ઉપરના એકજ દ્રષ્ટાંતથી જોઇ શકયા કે માનવ જાતિનું તો શું પણ જગતમાત્રનું હિત સાધવા માટે વિચાર. વાણી અને આચારની પવિત્રતા સાચવી રાખવાની–તેમજ તેમની કોઇ રીતે મલીનતા થવા દીધા વગર પવિત્રતા વધારતા જવાની અનિવાર્ય જરૂર છે. પ્રત્યેક આત્મામાં પવિત્રતા પેદા કરવાની અને થયેલી પવિત્રતા કોઇ પણ પ્રકારની મલીનતાથી બગડવા ન દેતાં સાચવી રાખી વધારવાની છુપી શકિત રહેલી છે, તેનો તેણે ધીમે ધીમે પણ મક્કમ પણે ઉપયોગ કરવોજ જોઇએ. જો તેમ કરવામાં આવે તો એકજ આત્મ–વ્યકિત પોતાનામાં છુપી રહેલી અનંત શકિતને પ્રબલ પુરૂષાર્થવડે પ્રગટ કરીને આખા જગતમાં સુખ શાન્તિ પાથરી શકે છે અને છેવટે પોતે પરમશાન્તિમાંજ વિરમે છે, પરમશાન્તિરૂપ–મોક્ષ પામે છે. સઘળા તીર્થંકરો એજ પ્રમાણે જગતનું અનંત હિત કરી અનંત સુખમાં ઠરે છે. એ પરમાત્માઓનો અણમોલ ઉપદેશ વારંવાર સાંભળનારા વીર–સંતાનોને ઉચિત છે કે તેમણે પોતાના પ્રત્યેક આત્મામાં છુપી રહેલી સાચી શકિતની યથાર્થ સમજ મેળવી, તેમાં સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખી તેનો આવિષ્કાર કરવા, તીર્થંકર દેવે આચરેલા અને બતાવેલા એવા ખરા માર્ગને યથાર્થ અનુસરવા પ્રબળ પુરૂષાર્થ ફોરવવો જોઇએ પણ એથી વિપરીત દિશામાં અયથાર્થ માર્ગે ગમન કરવું નહિજ જોઇએ શાશ્વતસુખ-મોક્ષ મેળવવાનો એજ અંકિત માર્ગ છે. રાગદ્વેષ–કષાય–મોહનો સંપૂર્ણ પરાજય કરવાથી અને સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ અને વીર્ય–શક્તિને પ્રગટ કરવાથીજ જિન અરિહંત–વીતરાગ-પરમાત્મ સ્વરૂપ યાવત્ તીર્થંકર પદવી પણ પ્રાપ્ત થઇ શકે છે તો પછી બીજી પ્રાસંગિક સંપદાઓનું તો કહેવુંજ શું ? સમ્યગ્ જ્ઞાનપ્રકાશવડે આપણી અનાદિ ભૂલો અને અંતરાયો સ્પષ્ટ સમજાય છે, તેમજ આપણી સત્તામાં છુપી રહેલી અનંત ગુણસંપદા પણ સમજાય છે. સમ્યગ્દર્શન–શ્રદ્ધાન રૂપ આરસી વડે તે તે વસ્તુનું બરાબર પ્રતિબિંબ નિજ આત્મામાં પડવાથી આપણો વિશ્વાસ દૃઢ થવા પામે છે, અને તે તે ભૂલોને સુધારવા અને ગુણોને આદરવા માટે આપણામાં જે અપૂર્વ બળ–ચૈતન્ય-શક્તિ આવે છે તે ચારિત્ર કહેવાય છે. જે વડે સ્વપરને, ગુણદોષને, હિતાહિતને, લાભાલાભને અને કર્તવ્યાકર્તવ્યને બરાબર સમજાય તેજ **જ્ઞાન**–સમજણ આપણને ઉપયોગી થઇ શકે છે. તેજ વસ્તુની જે વડે દૃઢ પ્રતીતિ–આસ્થા બંધાય, જેથી કશી મુંઝવણ વગર ઉચિત માર્ગ આચરવાનું બની આવે તેજ **શ્રદ્ધા–સમ્યક્ત્વ** હિત કરી શકે **છે, અને જે સુવિહિત માર્ગે ચાલવામાં દૃઢ નિશ્ચય પૂર્વક નિજવીર્ય–શક્તિનો સદ્-**

પ્રયોગ થાય અને જેથી અંતરાય માત્રને ઉચ્છેદીને નિજ આત્મઋદ્ધિનો સાક્ષાત્કાર થવા પામે એવું ચારિત્ર સ્વપર કલ્યાણ કરી શકે છે. ઉક્ત રત્નત્રયીના એકત્રિત બળથી આત્મા તેને શાશ્વત–મોક્ષ સુખ પ્રાપ્ત થઈ શકે છે એમ સમજી સુજ્ઞજનોએ સુગુરૂના પંથેજ સંચરવું ઉચિત છે. તેથીજ સર્વ કાર્ય સિદ્ધ થઇ શકશે.

ઇતિશમ્.

## आत्मज्ञान, आत्मश्रद्धा अने आत्मविवेक प्रगट करवा पांच बोल.

લે૦ સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ ( નવસારી ).

( ૧ )

આપણો આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મળ છતાં, જેમ તે સ્ફટિક રાતા કાળા ફૂલના સંબંધથી રાતું કાળું દેખાય છે, તેમ શુભાશુભ કર્મના સંબંધથી આત્મા પણ રાગ દ્વેષના પરિણામને પામે છે. જેમ કોઈ ચતુર માણસ યુક્તિથી એ ફૂલ કાઢી નાખે તો સ્ફટિક જેવું ને તેવુંજ નિર્મળ દેખાય છે તેમ પુરૂષાર્થ ફોરવી કર્મ ઉપાધિને દૂર કરતાં રાગદ્વેષ પરિણામ ટળી જઇને આત્મા શુદ્ધ–વિશુદ્ધ પરમાત્મસ્વરૂપ થઇ રહે છે. પુરૂષાર્થ કે વીર્યશક્તિનો આવો સારો ઉપયોગ કરવાને બદલે રાગદ્વેષ વધ્યાજ કરે એવાં કર્મો કર્યાં કરવા એ મહા દુઃખદાયક છે. એટલે કે આપણી શક્તિનો ગેરઉપયોગ નહિં કરતાં સદુપયોગજ કરવો જોઇએ.

( ૨ )

જો સત્સંગ–ઉત્તમ સમાગમ યોગે સદ્બોધ મેળવી આપણી અનાદિ ભૂલવાળી અજ્ઞાનદશા–અવિદ્યા દૂર કરવા પ્રયત્નો કરીએ અને જ્ઞાની પુરૂષોનાં એકાન્ત હિતકારી વચનોનું મનન કરી તે આપણા મનમાં રૂચવિએ અને તેમ કરી દ્રઢ શ્રદ્ધા–વિશ્વાસથી અદ્ભુત બળ પરાક્રમ ફોરવીને રાગદ્વેષ મોહાદિક દુઃખદાયક દોષસમૂહને દૂર કરવા મથન કરીએ તો થોડા વખતમાં સુખદાયક એવા ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષાદિક સદ્ગુણો આપણા હૃદયમાં દાખલ થવા પામે અને એમ થવાથી વારંવાર કરવા પડતા જન્મ મરણાદિક અનંત દુઃખ દાવાનળમાંથી ક્રમે ક્રમે બચીને છેવટે શાશ્વત–મોક્ષ સુખમાં ઠરવાનું બને.

( ૩ )

જેમ બને તેમ પંચપ્રમાદરૂપી મદિરાના પાશમાંથી છૂટીને–પરવશતાની દુઃખદાયી બેડીમાંથી મુક્ત થવા દ્રઢ પ્રયત્ન કરવા ભૂલવું નહિ જોઇએ. પ્રમાદ મદિરાથી જીવ પોતાનું ભાન ભૂલી જઇ–પરવશ બની જઇ મહા દુઃખ અનુભવે છે. સ્વતંત્ર-

ટાને બહાને સ્વચ્છંદપણું સેવવું, અને શાસ્ત્રજ્ઞ મહાશયોની હિતશિખામણની અવગણના કરવી એજ મોટો પ્રમાદ છે. હિત-સુખ-શ્રેય અને કલ્યાણકારી માર્ગનો અનાદર કરી અહિત-અસુખ અને અશ્રેયકારી એવો દુર્ગતિનો માર્ગ આદરવો એજ મહા પ્રમાદ જાણવો. જે વડે અત્યંત મુંઝાઈ જઈ જીવ મોહમાં ચકચૂર થઇ જાય તેજ પ્રમાદ છે.

( ૪ )

મદ, વિષય, કષાય, નિદ્રા (આળસ) અને વિકથા એ મુખ્ય પાંચ પ્રકાર પ્રમાદના લેખ્યા છે. અર્થાત્ પહેલું માદક પદાર્થો એટલે મદ ઉપજાવનાર દારૂ ગાંજો વિગેરે વ્યસનો સેવવા તે, બીજું પાંચ ઇંદ્રિયોના ગુલામ બની જઇ તુચ્છ વિષયસુખમાં લોલુપતા કરવી તે, ત્રીજું ક્રોધ, અહંકાર, છળ કપટ અને લોભ તૃષ્ણાને વશ થઈ જવું તે, ચોથું શરીરાદિકની શુભ શક્તિનો કશો સદુપયોગ નહિ કરતાં જડભરતની જેમ ઘણી નિદ્રામાં પડયા રહેવું, શુભ કામમાં આળસ ઉપેક્ષા કરવી અને અશુભ કામ કરવામાં પહેલ કરવી તે, તેમજ પાંચમું જે વાતથી સ્વપરનું કશું હિત થાય એમ ન હોય પણ કેવળ હાનિજ થાય તેમ હોય છતાં તેવી નકામી વાર્તા-રાજકથા, દેશકથા, ભોજનકથા, શૃંગાર કથા વિગેરે કુથલી કરવામાંજ વખત ગાળી નાંખવો તે. એને જ્ઞાનીપુરૂષો સદા દુઃખદાયક **પ્રમાદાચરણ** કહે છે. અજ્ઞાન, મિથ્યાત્વ પ્રમુખ દોષસમૂહનો પણ પ્રમાદાચરણમાં સમાવેશ થઈ શકે છે. તેમાંથી બચવું-પ્રમાદ રહિત બની રહેવું એ આત્મરક્ષાનો સરલ ઉપાય છે.

( ૫ )

જુઓ '**આત્મઘાતી મહાપાપી**' પૂર્વ મહાપુરૂષોએ ઉકત દુષ્ટ પ્રમાદ વૈરીનો ત્યાગ કરવા-તેનો પરાભવ કરવા અને તેને નિર્મૂળ કરવા સારૂ બને તેટલો પુરૂષાર્થ ફોરવવા આપણને ધર્મશાસ્ત્રોમાં ઉપદેશ આપેલો છે. તેને અનુસરીનેજ આપણે ચાલવું જોઇએ. સમ્યગ્જ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સમ્યગ્ આચરણ રૂપ ચારિત્ર એજ પ્રમાદ મહાવૈરીને વશ કરવાનો મુખ્ય ઉપાય છે. અનિત્ય, અશુચિ અને જડ એવા આ શરીરાદિક પદાર્થોની સહાયથી બની શકે તેટલી કુશળતાથી નિત્ય, શાશ્વત અને પવિત્ર એવું આપણું જ્ઞાનાદિ ચૈતન્યસ્વરૂપ પ્રગટ કરી લેવું એજ બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે. બુદ્ધિબળથી વિચારશક્તિ ખીલી શકે છે. તેથી સત્યાસત્ય, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કર્તવ્યાકર્તવ્ય અને ગુણ દોષાદિકનું હેય જ્ઞેય ઉપાદેય સ્વરૂપ સમજી શકવાનો વિવેક પ્રગટે છે. તે તે વાતનું વિશેષ પૃથક્કરણ થતાં પ્રગટેલી અને વૃદ્ધિ પામતી વિવેકકળાયોગે ચેતન પોતાની ઉચિત મર્યાદામાં આવી જાય છે એટલે પછી ચેતન અનુક્રમે આત્મજ્ઞાન,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મદર્શન (શ્રદ્ધા) અને આત્મરમણતા રૂપ પવિત્ર ત્રિપુટીનો સુયોગ પામી, તેનું સમ્યગ્ સેવન-આરાધન કરીને અનેક ભવ્યાત્માઓને ઉપગારી બની, અંતે અક્ષય અવ્યાબાધ મોક્ષપદ પામે છે. ઇતિશમ્.

# જિનપ્રતિમાના સંબંધમાં કંઇક વક્તવ્ય.

(લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી.)

જિનેશ્વર પ્રભુનાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર નિક્ષેપાઓમાં જિન-પ્રતિમા એ સ્થાપના નિક્ષેપે, અત્યારે જિનવાણી-આગમ-પ્રવચનની પેઠે પુષ્ટ આ-લંબનરૂપ છે. અને તે સદ્ભાવ ઇત્વર તથા યાવત્કથિત સ્થાપનાથી સ્વર્ગ, મર્ત્ય અને પાતાળમાં પણ સર્વ કાળ વિષે ભવ્યાત્માઓને ભારે લાભ થઇ શકે છે. ત્રણ જગત મધ્યે રહેલાં શાશ્વત જિનબિંબોનાં સમચોરસ સંસ્થાનાદિ આકૃતિ ખાસ લક્ષમાં રાખી રખાવીને કુશળ કારીગરો પાસે જિનશાસનના રસિક, ધનાઢ્ય અને સારી વગવાળા શ્રાવકો જિનપ્રતિમા સુવિવેકથી તૈયાર કરાવ્યા પછી સુવિહિત ગી-તાર્થ આચાર્યાદિક પાસે યોગ્ય વિધિ વિધાનથી તેની પ્રાણ પ્રતિષ્ઠા કરાવે છે. ઉત્તમ પ્રકારની ભાવના યુક્ત મંત્રાદિકના બળથી તેમાં એવું ચૈતન્ય પ્રગટે છે કે તેથી તેમાં દર્શન, વંદન, પૂજા, ભક્તિ કરનારને સાક્ષાત્ (હયાત) તીર્થંકર દેવની ભક્તિ જેવો સદ્ભાવ પ્રગટે છે. પ્રભુપ્રતિમા એક ઉત્તમ સાધન રૂપ છે, પ્રભુની પૂર્વલી અવસ્થાની પ્રતીતિ કરાવી આપનારી **પ્રતિમાનું** આલંબન લઇ પ્રભુના અદ્ભુત એવા જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણોનું સ્મરણ, મનન અને પરિશીલન કરવાની આપણને ખાસ જરૂર છે. એમ કરવાથી જે લાભ ઘણો મોડો મળી શકતે તે વહેલો મળી શકે છે. એ મુદ્દાની વાતને વિસારી મૂકી દેવામાં ફાયદો નથીજ, તેમ છતાં તે બહુધા વિસરી જવાય છે અને બીજી બીન જરૂરી કે અલ્પ જરૂરી બાબત તરફ જીવો ગતાનુગતિક-પણે નવી રીતે ઢળી જાય છે. જો કે તેમાં પણ પોતપોતાના પરિણામ પ્રમાણે તે લાભ બાંધતાજ હોય છે, પરન્તુ જે કંઇ શાસ્ત્રનીતિ મુજબ યથાર્થ કરવામાં આવે તેનો લાભ તો ઓરજ. આટલું પ્રસંગોપાત કહીને જે કંઇક વક્ત-વ્ય છે તે એજ કે આજકાલ સાક્ષાત્ તીર્થંકરદેવની પૂર્વ અવસ્થાનું ભાન કરાવવા નિર્માણ કરેલાં જિનબિંબો યા **પ્રતિમાઓના** અંગે દેખાદેખી જે નવ અંગે રૂપાના ચાંડલા તથા ટીબી, અને શ્રીવચ્છનું ચોડવાપણું કરે છે તે પ્રવૃત્તિ તપાસ કરતાં આધુનિક-થોડા વખતથી જ ચાલેલી જણાય છે. તેના પ્રમાણમાં એટલું કહેવું બસ થશે કે જે જે પુરાતની જિનપ્રતિમાઓ ભૂમિમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી આવે છે અથવા પ્રગટ થાય છે તેમાંના કોઈના અંગે એવા ચાંડલા કે શ્રીવચ્છ ચીંગી ચોડેલા જોવામાં કે જાણવામાં આવતા નથી. વળી તે સાથે વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરતાં તેથી લાભ કરતાં હાનિ વખતે વધારે થતી જોવાય છે. કઇંક સ્થળે તે ચોરાઇ જતાં સંભળાય છે. વળી તે ચોરી જતાં પ્રભુપ્રતિમાના નવ અંગે સજ્જડ રીતે ચોડી દીધેલી વસ્તુને ઉખેડી લેવા માટે કેવી કેવી જાતની આશાતના કરે તે વાત પણ વિચારવાથી ખેદ થાય છે. કંઇક વખત તો તેથી મૂળતઃ ક્ષતિ થતી જણાય છે. આગલા વખતની જેવો જાપતો આપણે રાખી શકતા નથી, ત્યારે સોના રૂપાની ચીજો અથવા હલકી વૃત્તિવાળાને લલચાવે એવી વસ્તુઓ જિનમંદિરાદિકમાં રાખવી એ જમાનો જોતાં ખરેખર જોખમ ખેડવા જેવું છે, એટલુંજ નહિ પણ વખતે આ કામ ચોરીને ઉત્તેજન આપનારૂં, ધર્મની ઉલટી હાંસી કરાવનારૂં અને પાછળથી પસ્તાવો કરાવનારૂં થાય છે. ભરત મહારાજાએ ભરાવેલી રત્નમય પ્રતિમા સુવર્ણ ગુફામાં શા માટે પધરાવવામાં આવી ? અને તેને બદલે બહુધા પાષાણમય બિંબો કરાવીને પધરાવવાનું કેમ પસંદ કરવામાં આવ્યું ? તેનો ઉંડો વિચાર કરવામાં આવે તો અત્યારે દેખાદેખી વધી પડેલી ઉપરની ટાપટીપ બીનજરૂરી તેમજ ક્વચિત્ હાનિકારક પણ લાગ્યા વગર રહેશે નહિ. દીર્ઘદ્રષ્ટિથી લાભાલાભ, હિતાહિત, કાર્યાકાર્યનો વિચાર કરીને જે કાર્ય કરવામાં આવે તેમાં આપણને તથા આપણાં સંતાનોને લાભ મળી શકે છે, તેથી હવે વધારે વખત ગતાનુગતિકતા ચલાવવા દેવી ઘટિત નથી. આ સંબંધમાં પુષ્કળ ઉહાપોહ થવાની જરૂર જણાય છે. દીર્ઘદ્રષ્ટિવંત પ્રાયઃ આવા વિચારને મળતા આવતા હોય છે. તેમણે બીજા દેખાદેખી કરનારાઓને સમજાવી ખરો સહીસલામતીવાળોજ રસ્તો આદરવો ઉચિત લાગે છે.

વળી આજકાલ કેટલાએક મુગ્ધ શ્રીમંતો તેમજ સામાન્ય શ્રાવક-શ્રાવિકાઓ સોનાના તેમજ ચાંદીના સિદ્ધચક્ર અને સાથીયા કરાવી જિનમંદિરોમાં પધરાવી દે છે. પ્રભુપ્રતિમાની પેઠે તેની પ્રતિષ્ઠાદિક કરાવવાની દરકાર પણ ભાગ્યેજ કરાય છે. 'સોંઘુ ભાડું અને સિદ્ધપુરની જાત્રા' જેવું માની દેખાદેખી કરનારા બીજા પણ કઇંક નીકળી તેનું અનુકરણ કરતા દેખાય છે. એજ રીતે પ્રભુના અંગે ચાંદી કે રૂપાનું ખોળીયું ચડાવવામાં આવે છે. પણ તે ચડાવતા ને ઉતારતા અંગને જે ઘસારો લાગે છે તેની ભાગ્યેજ દરકાર કરવામાં આવે છે. આ શિવાય બીજાં પણ આભૂષણોની બાબત વિચારવા અને તે સંબંધી ઉચિત આચરણા સેવવાની જરૂર છે. સાધનરૂપ-પુષ્ટ આલંબનભૂત પ્રભુપ્રતિમાથી આપણે ગમે તે અવસ્થાયોગ્ય ગુણો સંભારી વિચારી આદરવા કોઈ પણ અંશે પ્રયત્ન કરી શકીએ તો તે કલ્યાણકારી

For Private And Personal Use Only

છે. કેવળ શાસ્ત્ર ભિત્તે, કિંતુ પરિણામાદિક સમજ્યા વગર મતાનુયાયિકોથી આલસ્યથી વિશેષ લાભ નથી. માધ્ય દ્રષ્ટિથીજ કરણી કરનાર સાધનની સફળતા મેળવી શકે છે, પણ આર્યવિકળ જીવ એ લાભ ચૂકી જાય છે. પ્રભુપ્રતિમાનાં સંસ્થાનાદિક કેવાં હોવાં જોઇએ ? તેવી પ્રતિમાઓ હવે કોણ તૈયાર કરી–કરાવી શકે ? અને તે કેવી રીતે તૈયાર કરવી કરાવવી જોઇએ ? અને તે પછી તેની પ્રતિષ્ઠાદિક પણ કેવા સંસ્કારી મહાશયના હાથે થવી જોઇએ ? તથા જિનશાસનની પ્રભાવના કોણ અને કેવી રીતે કરી શકે ? એ વિગેરે ઉપયોગી વાતો શ્રી હરિભદ્રસૂરીશ્વરે પંચાશક, ષોડશકાદિક ગ્રંથોમાં ઠીક ચર્ચી છે, ત્યાંથી જિજ્ઞાસુઓએ જોઇ જાણી સ્વપર હિત–શ્રેય–કલ્યાણકારી માર્ગ સ્વીકારવોજ ઉચિત છે. તેમાં પણ ન્યાયસંપન્ન દ્રવ્ય માટે ખાસ કહેવામાં આવેલું છે તે વિસારી નહિ દેતાં, સ્વીકારી લઇ સાધ્યસિદ્ધિવડે માનવભવ સફળ કરી લેવા ખરા સુખના અર્થી ભવ્યાત્માઓએ સાવધાન થવું ઘટે છે.

ઇતિશમ્.

## परस्त्रीगमन. ( વ્યભિચાર. )

( લેખક—દલસુખભાઇ ગીરધરલાલ શાહ, માણેકપુર. )

आयुः क्षिणोति विकलत्वमुपहास्यते च, ।
निंदार्थहानिलघुतापगतीः परत्र ॥
स्यादेव यद्यपि रतेन परांगनाया, ।
स्तस्माच्च तां हि विबुधेन विवर्जयेत ॥ १ ॥

ભાવાર્થ:—પરસ્ત્રીના યોગથી આયુષ્ય ઘટે છે, વિકળતા થાય છે, જનમંડળમાં હાસ્ય થાય છે, સર્વે નિંદા કરે છે, દ્રવ્ય નાશ પામે છે, નીચત્વ આવે છે અને આ લોક તથા પરલોક બન્નેથી પતન થાય છે; માટે ડાહ્યા માણસે તેનો ત્યાગ કરવો યોગ્ય છે.

પ્રિયબંધુઓ ! પરસ્ત્રીગમનનું નિંદિત કર્મ આ લોક પરલોક વિરૂદ્ધ છે. દરેક શાસ્ત્રકારો, જુદા જુદા ધર્મના અનુયાયીઓ તથા બાળકથી વૃદ્ધ પર્યંતના સમજુ મનુષ્યો તે વાત કબુલ કરે છે, છતાં કાળના પ્રબળ પ્રભાવને લીધે સુધારાના સાથી–ધર્મભ્રષ્ટ યુવાનો ચાલુ સમયમાં તેની મોહજાળમાં વિશેષ વિશેષ ફસાતા જાય છે તે ઘણું શોચનિય છે.

પરદારાગમનનાં મુખ્ય લક્ષણો–પરાઈ સ્ત્રીને છુપી ભેટ મોકલવી, તેની સાથે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસવું, બોલવું તથા રમત કરવી, તેના ભૂષણ તથા વસ્ત્રને અડકવું, એક પલંગ યા આસન પર બેસવું, ગુહ્ય સ્થાનકે સ્પર્શ કરવો અથવા તેના કરેલા સ્પર્શને સહન કરવો, એકાંતમાં રહેવું, પરિચયમાં વિશેષ આવવું તથા અસભ્ય વચનો બોલવા—તેનેજ ગણેલાં છે. અને તે લક્ષણો પ્રથમ અવિવેકી પુરૂષોજ કરે છે, પણ સ્ત્રીઓ નહિ. જો તેવા પુરૂષો પોતાની ઇંદ્રિયોને કાબુમાં રાખી પરસ્ત્રીઓની વાંચ્છના ન કરે તો કદાપિ વ્યભિચારની પ્રવૃત્તિ થાયજ નહિ. કારણ કે બનતાં સુધી ઘણી ખરી સ્ત્રીઓ નીચ મનોવૃત્તિને તાબે થયા છતાં પણ લાજ અગર શમે તો તેઓના સ્વભાવના કારણથી પરપુરૂષની પ્રાર્થના કરતી નથી. જો કે કેટલીક સ્ત્રીઓ નિર્લજ હોય છે તે પુરૂષોને હાવભાવ કરીને લલચાવે છે, પણ તેવી સ્ત્રીઓના દાખલા કવચિતજ જણાઈ આવે છે, માટે પુરૂષોએ મન વશ રાખવાની ખરી જરૂર છે.

માત્ર પરસ્ત્રીની જીજ્ઞાસાથીજ રાવણ, દુર્યોધન, કૈચાકચ અને ગર્દભીલ જેવા મહાન્ સમર્થ નરપતિઓ તત્કાળ અપાર દુઃખ ભોગવીને પોતાના કુળ, ધર્મ, ધન વિગેરેને છિન્ન ભિન્ન કરી નાંખી કરેલાં નીચ કર્મોની હાજરી આપવાને નર્કમાં ચાલી નીકળ્યા છે. તો પ્રત્યક્ષ વ્યભિચાર સેવનારની કેવી દુઃખમય ગતિ થાય તેનો તેવાં કૃત્યો કરનારાએ વિચાર કરવો જરૂરનો છે. વળી પોતાની વિવાહિત ધર્મ-પત્નીઓમાં જે પુરૂષો સંતુષ્ટ થયા નહિ તે શું કોઇ કાળે પરાઇ સ્ત્રીઓથી સંતુષ્ટ થઈ શકશે ? કદાપિ કાળે પણ થઇ શકવાના નથીજ! પરંતુ પોતાના સ્વદારાસંતોષ રૂપી ધર્મને ચૂકી, કષ્ટમયી, ખરાબ, નીચ કાર્યમાં જોડાય છે. તેથી વિવેક, માન, પ્રતિ-ષ્ટા આદિ ઘટાડી પ્રમેહ, કુષ્ટ, વિસ્ફોટક, ચાંદી, ભગંદરાદિક અસાધ્ય રોગો લાગુ પાડી આયુષ્ય—આરોગ્યતાનો ઘટાડો કરે છે. તેવા કારણોને લીધેજ શ્રી હરિભદ્ર સૂરિએ કહ્યું છે કે—

" ઘણું જીવવાની ઇચ્છા હોય તેણે પારકી સ્ત્રીના સંગનો ત્યાગ કરવો. "

પરદારાગમનમાં લુબ્ધ થયેલા પુરૂષો ! વિચાર કરો કે—તમારી સ્ત્રી કદાચિત પરપુરૂષથી જરા મશ્કરી અગર અયોગ્ય વર્તણુક કે નિંદિત કાર્ય કરે છે તો તમારા મનમાં કેવું લાગી આવે છે? તુરત ક્રોધાનળની જવાળા પ્રગટ કરી મરણ મારણ જેવા પ્રયત્નો કરવા તત્પર થાઓ છો, તો પછી તમારાં આવાં ખોટાં કાર્ય પ્રસંગે તે સ્ત્રીના પતિના તથા તમારી સ્ત્રીના મનમાં તમારાપર કેટલો તિરસ્કાર આવતો હશે ? ભયંકર શ્રાપોનો વરસાદ હૃદયની ખરી લાગણીદ્વારા તમારાપર વરસાવતા હશે, તેનો જરા તો ખ્યાલ કરો ! .

સ્વકીયામાં પ્રેમાન્ધ થનાર માણસને પણ તે અનર્થનું કારણ નીવડે છે, તો પરકીયામાં ફસનાર કુલાંગારથી મહા હાનિ થાય એમાં આશ્ચર્ય શું ? પારકી સ્ત્રીમાં

For Private And Personal Use Only

આકૃતિ ધરાવનાર પુરૂષે પોતાનો ન્યાય પોતાની જાતે કરવો જરૂરનો છે પતિએ વિચારવું જરૂરનું છે કે, તમારી પોતાની સ્ત્રીને જ્યારે તમે પરપુરૂષમાં આસક્ત જુઓ છો ત્યારે તમને કેટલો બધો ખેદ થાય છે, અને તેનું કેટલું બધું અનિષ્ટ કરવાની આણી ઉપર આવી જાઓ છો? તે રીતે તમારી ધર્મપત્નિ તમને પરસ્ત્રીમાં આસક્ત દેખે ત્યારે તેને કેમ ખેદ ન થાય ? સ્વાભાવિક છે કે-જગતમાં જેનો હક લૂંટાય છે તેને ખેદ થાય છે, પતિનો હક પત્નિમાં છે, અને પત્નિનો હક પતિમાં છે, તે જો એક બીજાથી હણાય તો ઉભય પક્ષ સરખા દાવાદાર બને. એ સાથે પરસ્ત્રીગામી બમણા દોષને પાત્ર છે. એક તરફથી પોતાની ધર્મપત્નિના હક્ક ડુબાડે છે અને બીજી તરફથી બીજી સ્ત્રીના ધર્મપતિનો હક્ક લૂટે છે. આથી પરસ્ત્રીગામી અધમાધમ શિક્ષાને પાત્ર છે. તે સમયપરત્વે દૃષ્ટ શિક્ષાને પામે છે, એટલુંજ નહિ પરંતુ કર્મની અદૃશ્ય શિક્ષાઓ પોતાના પ્રહારમાંથી તેને બચવા દેતી નથી. વ્યવહાર દ્રષ્ટિએ પરસ્ત્રીગામી કલંકિત થાય છે, વડિલોની કીર્તિ બોળે છે, જનસમૂહ તેને ધિક્કારે છે, કોઈ તેનો વિશ્વાસ કરતું નથી, સુશીલ જનો આદર દેતા નથી, હજારો વખત માતા, પિતા, બાંધવ તથા પત્નિના ઠપકા તેને ખાવા પડે છે, ઘણી વખત મરણના ભયની ચટપટીને લીધે રાતોની રાતો દુઃખમય જીવનમાં ગાળવી પડે છે, ઘણી ફેરા માર ખાતાં ખાતાં છુપાવું પડે છે, જનાપવાદમાંથી બચવાને ફાંફાં મારવાં પડે છે, સાંસારિક તથા રાજ્યદ્વારી સ્થિતિમાં ટીકાને પાત્ર થવું પડે છે, ધર્મપત્નિ સાથે કંકાસ થવાથી ગૃહસ્થાશ્રમનું ખરૂં સુખ ખોવું પડે છે, અને તેથી ઉન્નતિક્રમમાં જવાના તેના માર્ગો બંધ થઈ જાય છે. તેમજ કર્મની અદૃશ્ય શિક્ષાઓ પણ કંઈ ઓછી થતી નથી. વિસ્ફોટક, ચાંદી, પ્રમેહ આદિ અનેક રોગોથી શરીર વ્યથિત થાય છે, જીવ સ્થિરતાને પામતો નથી, તેથી દરેક કાર્યમાં ગફલત થાય છે, મન અનેક કલ્પનામાં વહ્યું જવાથી નિશ્ચિંતતા મળતી નથી અને ચિત્ત વ્યાકુળ થવાથી તંદુરસ્તીનો નાશ થાય છે, ઉન્નતિક્રમને અટકાવી અદૃશ્ય રૂપે સઘળી ઉચ્ચ શક્તિઓનો નાશ કરે છે. આ કંઇ જેવી તેવી હાનિ નથી. માટે કહ્યું છે કે—

परदारा न गंतव्या, पुरुषेण विपश्चिता ॥
यतो भवंति दुःखानि, नृणां नास्त्यत्र संशयः ॥ २ ॥

ભાવાર્થ:—બુદ્ધિમાન્ પુરૂષે પારકી સ્ત્રી પ્રત્યે જવું નહિ, કેમકે તેથી દુઃખ થાય છે એમાં સંશય નથી.

પરદારા સેવન એ દારૂણ દુઃખનું મૂળ છે, દરેક પ્રકારના નીચ કાર્યો તેનાથી ઉત્પન્ન થાય છે, સંસારમાં અનેકવાર પરિભ્રમણ કરાવનાર તેજ છે. મનને માંકડું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી અસ્થિર-ચંચળ માયામાં ફસાવે છે, ઇંદ્રિયોને દુષ્ટ સર્વે તૃપ્ત કરવા અયોગ્ય સાધન ખોળી કાઢે છે, ઉન્નતિ ક્રમના કાર્યોમાં વિઘ્ન રૂપ થઈ પડે છે, સારાં કાર્યોમાં અપયશ અપાવે છે, અને રાજ્યદંડ-યમદંડના સખત પ્રહાર ખમવા પડે છે. છતાં પરદારા સેવનની ઇચ્છા કરવી તે અજ્ઞાનતાનુંજ કારણ છે. કર્મ સંજોગે દરેક સ્ત્રી જુદી જુદી જાતનાં પુદ્ગલોથી ઉત્પન્ન થયેલી છે, પણ દરેકમાં જીવાત્મા એકજ જાતનો હોય છે. તેના ઉપર અત્રે એક ટુંકું દૃષ્ટાંત જણાવવામાં આવે છે.

એક રાજા ઘણો વિષયાસક્ત હતો, તેની દાનત એક અમાત્યની સુંદરી તરફ ખેંચાઇ, આ કારણને ઉદ્દેશીને પ્રધાનને મુસાફ્રી મોકલ્યો. પછી હમેશાં પ્રધાનને ઘેર સમાચાર પૂછવાને બ્હાને જવા આવવા લાગ્યો. પ્રધાનની પત્નિ રાજાને પિતાજી કહીને કહેતી કે-સર્વે કુશળ છે, રાજા હમેશાં જઇ જુદી જુદી વાતો કરવા લાગ્યો. આથી તેને શિખામણ આપી ભૂલ ભાંગવા ખાતર પ્રધાનપત્નિએ એક તદબીર રચી. રાજાને પોતાને ત્યાં ભોજન કરવા ખેંચ કરી. રાજાને એમ જોઇતું હતું, તેથી તેણે કબુલ કર્યું. પછી કાળાં, લાલ, લીલાં, સફેદ, પીળાં, કાબરા એમ વિવિધ રંગનાં વાસણો-માં દુધ ભરી રૂમાલ ઢાંકી રાજા પાસે મૂક્યાં, રાજા વાસણપરથી રૂમાલ ઢાંકેલો કાઢી નાખીને જોતાં વિસ્મય પામ્યો, તેથી પ્રધાનપત્નિને પૂછ્યું કે 'સઘળાં વાસણોમાં દુધ છે, છતાં વાસણ અને રૂમાલ જુદા જુદા રંગના રાખવાનું શું કારણ છે?' પ્રધાનપત્નિએ કહ્યું કે, 'કાળી ગાયનું દુધ કાળા વાસણમાં અને ધોળી ગાયનું દુધ ધોળા વાસણમાં છે, એમ જેવા રંગની ગાયનું દુધ છે તેવું વાસણ રાખેલ છે.' રાજા કહે-'એ તો ઠીક, પણ તમામ દુધ સ્વાદમાં સરખું છતાં તેમ રાખવાનું શું કારણ?' પ્રધાનપત્નિએ કહ્યું કે 'હે પિતા! એ તમામ દુધજ છે, પરંતુ આપ સમજુને ઝાઝું શું કહીએ! કોઇ ધોળું પુદગલ, તો કોઇ કાળું પુદગલ, એમ જુદા જુદા પુદ્ગલમાં એકજ જાતનો આત્મા વસે છે, અને તમામમાં સ્વાદ પણ દુધની માફક એકજ જાતનો હોય છે.' રાજા આ ન્યાયથી સમજ્યો અને પોતે ત્યારથી વિષયાસકતપણાની ટેવ તથા વર્તણુક તજી દીધી.

વ્હાલા વાંચકો! ઉપરોકત ટુંક દૃષ્ટાંત ઉપરથી તમે પણ સાર લ્યો કે દરેક સ્ત્રીમાં આત્મા સરખો હોય છે, પરંતુ કુંભકાર જેમ એકજ જાતની માટીથી અનેક જાતનાં નાનાં મોટાં વાસણો વિવિધ સ્થિતિના ઉતારે છે તેવી રીતે એકજ જાતિનો આત્મા હોવા છતાં તે વિવિધ શરીરમાં પેદા થાય છે તેવી તત્ત્વબુદ્ધિથી વિચાર કરી પરદારાથી વિમુખ રહેવા બનતો પ્રયત્ન કરવો યોગ્ય છે.

**શ્રીમાન્ હેમચંદ્રાચાર્યે કહ્યું છે કેઃ—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्राणसंदेहजननं, परमं वैरकारणं ॥
लोकद्वयविरुद्धं च, परस्त्रीगमनं त्यजेत् ॥ १ ॥

ભાવાર્થ:—પ્રાણ નાશના સંદેહને ઉત્પન્ન કરનાર, પરમ વૈરનું કારણ અને આલોક તથા પરલોક વિરૂદ્ધ પરસ્ત્રી ગમનનો ત્યાગ કરવો.

## બ્રહ્મચર્ય.

**લેખક—કસ્તુરી નંદલાલ વનેચંદ મોરબીવાલા બોરાજી.**

મનુષ્યની પચીસ વર્ષની ઉમર થાય ત્યાંસુધીનો કાળ સાધારણ રીતે વિદ્યાર્થી અવસ્થાનો ગણાય છે, અને માણસના મગજનો વિકાસ અને શરીરના અંગોની ખીલવણી પણ ઘણે ભાગે ત્યાંસુધીના સમયમાંજ થાય છે એટલે તે સમય દરમ્યાન ખીલતા અંગોને પોષણ આપવા માટે અને અભ્યાસથી થાકી જતા મગજની પુષ્ટિ કરવા માટે લોહીનું સત્વ જે વીર્ય તેના રક્ષણની ખાસ જરૂર છે, માટે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી અવસ્થા સુધી નિર્મળ ભાવથી અખંડપણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. જેઓને દુર્ભાગ્યે સ્વેચ્છાથી અથવા માબાપે પાડેલી ફરજથી વિદ્યાર્થી અવસ્થામાં બ્રહ્મચર્ય ભંગ કરવાનો વખત આવે છે અર્થાત્ પરણાવી દીધેલ હોય છે, તેઓને શારીરિક અને માનસિક મહા અનર્થોની સાથે ઘણી હાનિ પહોંચવાનો સંભવ છે. મગજમારી કરવી પડે તેવા કઠીન અભ્યાસના બોજાથી મગજને ઘણો ઘસારો લાગે છે, અને જેમ જેમ અભ્યાસનો પરિશ્રમ વધતો જાય છે, તેમ તેમ મગજનું ઘર્ષણ વધારે થાય છે. જેટલા પ્રમાણમાં મગજનું ઘર્ષણ થાય તેનાથી અધિક તેને પોષણ મળવું જોઇએ. ઘસારાની ખોટ પૂરી પાડી મગજને પોષણ આપનાર જો કોઈ તત્વ હોય તો તે વીર્ય છે. માટે તેનું સર્વથા રક્ષણ થવું જોઇએ, જો તેમ થાય તો જીવનની આબાદી અને મગજની પરિસ્થિતિને આંચે ધક્કો લાગતો નથી, પણ મગજ અને શરીરને પોષણ આપનાર વીર્યને જો અપરિપક્વ સ્થિતિમાં કોઇપણ રીતે હાની પહોંચવાનો સંભવ ઉભો થયો તો પછી મગજનું પોષણ થવું તો દૂર રહ્યું પણ રક્ષણ થવું એ પણ મુશ્કેલ છે.

વીર્યનો સંબંધ મનુષ્યના સ્થૂળ દેહની સાથે તેમજ માનસિક શક્તિની સાથે પણ રહેલો છે. વિશુદ્ધ બ્રહ્મચારી હોય છે, તેઓની શારીરિક સંપત્તિ સારી હોય છે. એટલુંજ નહિ પણ તેઓનું મસ્તિષ્ક–મગજ પણ તાજું ને તાજું જ રહે છે.

For Private And Personal Use Only

તેથી ઉલટું જેઓ અખંડ બ્રહ્મચર્યને સેવી શકતા નથી તેઓની શારીરિક તેમજ માનસિક શક્તિ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે. આ કારણથીજ વીર્યને શરીરનો તેમજ મગજનો રાજા કહેલો છે. વીર્ય સંપૂર્ણ રીતે પરિપક્વ થવાનો સમય આરોગ્ય શાસ્ત્રના વિદ્વાનોએ ૨૫ વર્ષ સુધીનો ઠેરવ્યો છે. અને તેથી તેને અનુસરીને વિદ્વાનોએ ઉપદેશ્યું છે કે વિદ્યાર્થીઓએ પ્રથમ અવસ્થામાં વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું. એ અવસ્થામાં જો વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળી શકે નહિ તો તેઓ શારીરિક સ્વાસ્થ્યને અનુભવી શકતા નથી. તેમજ માનસિક શક્તિ ક્ષીણ થતી જવાને લીધે સ્મરણશક્તિ ઘસાતી-ભુંસાતી જાય છે, અને વિદ્યાભ્યાસ બરાબર રીતે થઇ શકતો નથી. અનેજ સ્મરણશક્તિ વિના વિદ્યાભ્યાસમાં યોગ્ય પ્રગતિ થઇ શકતી નથી. તેથી જે વીર્યનો શારીરિક તેમજ માનસિક શક્તિ સાથે નિકટનો સંબંધ છે, તેનો ક્ષય વીર્યની અપરિપક્વ દશામાં-પ્રથમ અવસ્થામાં-બાલ્યવયમાં જરા પણ થવા દેવો જોઇએ નહિ. વિદ્યાભ્યાસથી સ્મરણશક્તિ ઉપર બોજો થાય છે, એ તો નક્કીજ છે. અને એ બોજાથી મસ્તિષ્ક-મગજને જે કાંઈ ઘસારો લાગે છે. તે ઘસારો બ્રહ્મચર્ય પાલનથી-વીર્યનો દુર્વ્યય નહિ થવાથી પુરાઇ જતાં પુનઃ મગજ અને સ્મરણશક્તિ તાજી ને તાજી રહે છે, અને તેવો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે સર્વથા યોગ્યજ રહે છે. પરંતુ એક બાજુએ વિદ્યાભ્યાસથી મગજને અને સ્મરણશક્તિને ઘસારો લાગતો હોય તથા બીજી બાજુએ વીર્યના દુર્વ્યયથી એ ઘસારાની ખોટ પૂરવાને બદલે વધતી જતી હોય, ત્યાં મગજ વિદ્યાભ્યાસને માટે પુનઃ તાજું બનતું જવાનો સંભવજ રહેતો નથી. આ કારણથીજ વિદ્યાભ્યાસને અને અબ્રહ્મચર્યને કિંવા ગૃહસ્થાશ્રમને એકી સાથે બનતું નથી. બ્રહ્મચર્યનો અર્થ વીર્યક્ષય ન કરવો એટલોજ થતો નથી, પણ મન વચન અને કાયાથી બ્રહ્મચારી રહેવું તેજ ખરું બ્રહ્મચર્ય છે. કાયાથી બ્રહ્મચારી ન રહેવાય તો મગજ અને શરીર બન્નેનું સ્વાસ્થ્ય સચવાતું નથી, તેવીજ રીતે મન અને વચનથી જો બ્રહ્મચર્ય ન સેવાય તો ચિત્તની એકાગ્રતા સચવાતી નથી. વ્યગ્ર ચિત્તવાળો બનેલો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે નાલાયક ઠરે છે. આ કારણથી અબ્રહ્મચર્ય સંબંધી વિકારી વિચારોને પણ મગજમાં સ્થાન આપવું જોઇએ નહીં. જેઓ વિષયની વાતો કરતા હોય તેઓની પાસે ઉભા રહેવું નહીં, તેમજ તેવી ભાષાનો ઉપયોગ પણ કરવો નહીં. માનસિક અને વાચિક બ્રહ્મચર્ય નહીં પાળી શકનારા તરુણ વિદ્યાર્થીઓ શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, છતાં તેઓના મગજને તથા શરીરને તો શારીરિક અબ્રહ્મચર્યના જેટલોજ ઘસારો લાગે છે. શારીરિક બ્રહ્મચર્ય પાળવામાં આવ્યા છતાં આ ઘસારો કોણ કરે છે ? પેલા અબ્રહ્મચર્ય સંબંધી વિકારજનક વિચારોજ. શાસ્ત્રમાં વિદ્યાર્થીઓએ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યજવા યોગ્ય પ્રસંગોમાં સ્ત્રીઓની સામે જોવું તથા તેને આલિંગન કરવું એ પ્રસંગો પણ ગણાવ્યા છે. વિકારજનક નાટકો જોવા, તેવા નોવેલના પુસ્તકો વાંચવા ઇત્યાદિ સર્વ પ્રસંગો અબ્રહ્મચર્યના પ્રવેશક માર્ગો છે. અને તેથી પ્રત્યેક વિદ્યાર્થીઓએ તેવા પ્રસંગોથી સર્વદા અને સર્વથા દૂરજ રહેવું જોઇએ. ઘાતકી વિકારના લશ્કરથી જે વિદ્યાર્થીનું મગજ હારતું નથી તેજ વિદ્યાર્થી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકે છે, અને તેજ વિદ્યાર્થી વિદ્યાભ્યાસમાં સંપૂર્ણ રીતે પાર પડી શકે છે.

# सुमित्र चरित्र भाषांतर.

( અનુસંધાન પૃષ્ટ ૨૫૫ થી )

હવે તે રાજતનયા ત્યાં રહીને દીનજનોને ઇચ્છિત દાન આપવા લાગી. **વિવેકી જનો સર્વત્ર અવસરના જાણનાર હોય છે.** તે મહિનો રાજાને ત્રીશ વરસ જેવો થઇ પડ્યો, અને દાનરૂપ સુધામાં લીન એવી પ્રિયંગુમંજરીને તે ત્રીશ ક્ષણ સમાન લાગ્યો. એક માસ પૂરો થતાં પોતાના પતિના ચારે મિત્રો ત્યાં આવ્યા. તેણે પોતાના સ્વામીના વચનાનુસારે તેમને ઓળખ્યા. પછી તેમને ભક્તિપૂર્વક ભોજન કરાવીને એકાંતમાં લઇ જઇ તેણે પૂછ્યું કે ' તમે કોણ છો ? ' એટલે તે બોલ્યા કે—" અમે સુમિત્ર રાજકુમારના મિત્રો છીએ. તેની અનુજ્ઞા લઇને અમે તેના માટે જુદા જુદા સ્થાને રહી ગુરૂની પાસેથી ભવ્ય વિદ્યાઓ ગ્રહણ કરી આવ્યા છીએ. હે ભદ્રે ! અમે પદાનુગામી વિદ્યાથી કુમારના પગલાંને અનુસારે શૂન્ય નગરે ગયા, ત્યાં નગર શૂન્ય હોવાથી અમને તે મળી શક્યા નહિ, એટલે વિવિધ ઉદ્યાન અને જલાશયમાં જ્યાં તેણે ક્રીડા કરી હતી ત્યાં તેનું અને કોઇ સ્ત્રીનું પગલું અમારા જોવામાં આવ્યું. ત્યાંથી આગળ સુમિત્રનું પગલું અમને મળ્યું નહીં, પરંતુ તેની સાથેની સ્ત્રીનું અને એક બીજી સ્ત્રીનું પગલું મળ્યું એટલે તે સ્ત્રીઓનાં પગલાંને અનુસારે અમે અહીં આવ્યા. તે બેમાંથી એક સ્ત્રી તું છે. માટે હે ભદ્રે ! જો અમારા પ્રાણવલ્લભ મિત્રની તને ખબર હોય તો કહે. એના વિના હવે અમે અમારા પ્રાણ ધારણ કરવાને અશક્ત છીએ. તેથી અમારા પ્રાણ બચાવવાની ખાતર અમને તેના સમાચાર કહે. " આ પ્રમાણેના તેનાં વચનો સાંભળીને તે વિચારવા લાગી કે—' અહો ! મારા વલ્લભને ધન્ય છે કે જેના આવા મિત્રો છે. અને હું પણ ધન્ય છું કે જેને આવો પતિ મળ્યો છે.' એમ ચિંતવીને તેણે જે બનાવ બન્યો હતો તે બધો તેમને કહી સંભળાવ્યો. તે સાંભળીને તેઓ બોલ્યા કે—' હે ઉત્તમે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમને તે શરીર સત્વર દેખાડ ' તે બોલી કે—' તમે એક મોટું કાષ્ટ લાવીને આકાશગામી રથ બનાવો એટલે આપણે એકદમ ત્યાં જઇ શકીએ. ' સાગરે તરતજ તે પ્રમાણે કર્યું.

અહીં એક માસ પૂર્ણ થતાં મકરધ્વજ રાજા ઉત્સુક થઇ આડંબર સહિત પ્રિયંગુમંજરીને લેવાને માટે ત્યાં આવ્યો, અને પ્રેમથી બોલ્યો કે—' હે પ્રિયે ! આ દાસપર પ્રસન્ન થઇને મારી સાથે નગરમાં ચાલો. ' એટલે પ્રિયંગુમંજરી બોલી કે —' હે રાજન્ ! પ્રથમ પેલી વૈરિણી સાથે રૂપવતી અને કુલીન ચાર કન્યાઓને અહીં લાવો કે જેથી તેમની સાથે આ રથપર બેસીને હું નગરમાં આવું. તેને વશ થઇ ગયેલ રાજાએ તરતજ તે પ્રમાણે કર્યું. કારણ કે એ તો પ્રસિદ્ધજ છે કે **કામીજનો સ્ત્રીના કહેવાથી શું શું કરતા નથી ?** પછી રાજા વિગેરે રાજલોક તથા નગરજનો મળીને કૌતુકથી જોવા લાગ્યા, એવામાં તેણે શું કર્યું તે સાંભળો.

પોતાના પતિના ચાર સન્મિત્રો તથા ચાર કન્યાઓ સહિત તે રાજસુતા અને તેના વચનથી પેલી વેશ્યા પણ રથપર બેઠી. એટલે તેના સંકેત પ્રમાણે સાગરે પોતાની ગગનગામિની વિદ્યાથી તે રથને શૂન્ય નગર તરફ આકાશ માર્ગે ચલાવ્યો. તે જોઈ ' પોતે અપવિત્ર છે ' એમ ધારીનેજ હોય તેમ રોષથી તે વેશ્યા રથ ઉપરથી નીચે જળધારાની જેમ નિરાધારપણે એક શિલાપર પડી. ત્યાં તેના સર્વ અવયવ ભગ્ન થઇ ગયા અને તે મહા કષ્ટ પામી. **અતિ ઉગ્ર પુણ્ય પાપનું ફળ અહીંજ મળે છે.** પછી રાજાદિક સર્વ જનોના દેખતાં દૂર જવાથી તે રથ અદૃશ્ય થઈ ગયો અને ક્ષણવારમાં સર્વ કનકપુર આવ્યા. ત્યાં નેત્રમાં અશ્રુ લાવીને પ્રિયંગુમંજરીએ પોતાના ગુપ્ત આવાસમાં તેમને સુમિત્રનું શરીર દેખાડયું. એટલે પોતાની સંજીવની મહા વિદ્યાથી સુત્રામે કુમારને સજીવન કર્યો.[1] એટલે જાણે સુઇને ઉઠ્યો હોય તેમ તે તરત બેઠો થયો. રૂપસ્થ ધ્યાનયુક્ત યોગિનીની જેમ સાક્ષાત્ યથારૂપ પોતાના સ્વામીને નિહાળતાં રાજસુતા તરતજ તેને ભેટી પડી. એ રીતે પૂર્ણિમાના ચંદ્રને ચકોરની જેમ સકલત્ર સુમિત્રને જોઇને બધા મિત્રો અત્યંત આનંદ પામ્યા. સુમિત્ર પણ આનંદના પૂરથી સર્વે મિત્રોને ભેટ્યો અને પોતાના વિયોગજન્ય દુઃખનો ક્ષય કર્યો. પછી જેમણે સ્નાન અને દેવાર્ચન કરેલ છે એવા તે સર્વને સૂરે પોતાની અક્ષીણ વિદ્યાના બળે અક્ષય અને અમૃત સમાન આહાર નીપજાવીને જમાડ્યા.

અન્યદા કુમારે તે ચારે મિત્રોને પૂછયું કે—' વિદ્યા મેળવીને તમે શી રીતે

૧ અહીં કુમારની મુર્ચ્છિત દશા સમજવી, મૃત્યુ સમજવું નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible] વ્યાજા.' એટલે પ્રથમ ધીવર મધુર વચનથી કહેવા લાગ્યો કે—' હે પ્રજા આનંદના કુમુદરૂપ કમળોને વિકસાવવામાં રવિ સમાન કુમાર ! સાંભળો ! એ સહિત પર્યંત ભક્તિ કરીને મેં તેને રંજિત કર્યો. એટલે સંતુષ્ટ થઈને તેણે પદાનુવિદ્યા મને આપી. પછી કેટલાક વખત મેં પુનઃ તે સદ્ગુરૂની સેવા કરી, એટલે પ્રસન્ન થયેલા તેમણે મને રજા આપી. તેમની આજ્ઞા લઈને હું ત્યાંથી ચાલતો થયો. અને ગુરૂના પ્રસાદરૂપ પદવિદ્યાના પ્રભાવે પગલું જોતો જોતો અનુક્રમે હું આ ત્રણે મિત્રોને મળ્યો. પછી જેમણે વિદ્યા પ્રાપ્ત કરેલી છે એવા આ ત્રણે મિત્રો સહિત તમારા પગલાંને અનુસારે ચાલતાં આપના પદથી પવિત્ર થયેલ આ શૂન્ય નગરમાં અમે આવ્યા. અહીં નગર તથા ઉદ્યાનાદિ ભૂમિમાં આપના પગલાં જોવામાં આવ્યાં, પણ આદિનાથપ્રભુ બાહુબલિના જોવામાં આવ્યા નહોતા[1] તેમ આપ અહીં અમારા જોવામાં ન આવ્યા. એટલે બે સ્રીના પદાનુસારે અમે વિજયનગર ગયા. ત્યાં દાનશાળામાં બેઠેલ આ પ્રિયંગુમંજરી અમારા જોવામાં આવી. એ ઉપરાંત જે થયું તે બધું આ રાજસુતા જાણે છે.' આ પ્રમાણે સાંભળીને કુમારે પ્રિયંગુમંજરીને બાકીની હકીકત પૂછી એટલે ખડ્ગબુદ્ધિને બાળી દઈને વેશ્યાએ કરેલ પ્રપંચથી માંડીને તેણે બધું વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું. તે સાંભળીને રાજકુમાર વિચારવા લાગ્યો કે—'અહો ! હું ધન્ય અને પુણ્યવાન્ છું કે—જેને આવા મિત્રો અને આવી ગુણવતી ભાર્યા મળી છે.' પછી હર્ષોત્કર્ષ વડે તેણે દ્રાક્ષા સમાન મધુર ગિરાથી તે સન્મિત્રોના અને શીલાદિ સદ્ગુણયુક્ત પ્રિયંગુમંજરીના વખાણ કર્યાં.

પછી સુમિત્ર અને તેની પ્રિયાના આગ્રહથી ચારે કન્યાઓને ચારે મિત્રો પરણ્યા. ત્યાર પછી સૂર્ય સમાન પ્રૌઢ પ્રતાપી સુમિત્રને તે ચારે મિત્રોએ રાજ્યાભિષેક કર્યો. એટલે પૂર્વે રાક્ષસના ભયથી મંત્રી, સામંત, વ્યવહારીયા વિગેરે જે દશે દિશામાં ભાગી ગયા હતા, તેમણે ચરપુરૂષોના મુખથી સાંભળ્યું કે—'રાક્ષસને મારીને કોઈ સુમિત્ર નામે પરદેશી આ મહારાજ્યનો સ્વામી થયો છે.' આથી તેને અત્યંત પુણ્યવાન રાજા જાણીને તેના પુણ્યથી ખેંચાયા હોય તેમ તે બધા લોકો પાછા આવ્યા. સુમિત્રરાજાએ તે નગરવાસીને અને સમસ્ત દેશને એવી રીતે સંતુષ્ટ કર્યો કે જેથી યથાસ્થાને રહેલા સર્વ જનો બહુજ આનંદ પામવા લાગ્યા.

યુક્તાયુક્ત વિચારને જાણનાર સુમિત્રરાજાએ સદ્બુદ્ધિના મંદિરરૂપ સૂરને પોતાનો મંત્રી બનાવ્યો. ધીવરને કોટવાલ, અને સુધામને પુરોહિત કર્યો, તથા સાગરને સર્વ સૂત્રધારોનો ઉપરી બનાવ્યો અર્થાત્ ઈજનેરખાતાનો ઉપરી નીમ્યો. તે શિવાય પ્રથમના બીજા અધિકારીઓને પણ યથાસ્થાને નિયુક્ત કર્યા. સ્વર્ગમાં

૧ આ હકીકત ભગવંતની છદ્મસ્થાવસ્થાને લગતી છે. જુઓ ત્રી. શ. પુ. ચરિત્ર.

For Private And Personal Use Only

લોકપાલોથી જેમ ઇંદ્ર શોભે તેમ પોતપોતાના અધિકારની શોભાથી મનોહર એવા ચાર મુખ્ય અધિકારીઓથી ભૂમંડલપર તે રાજા શોભવા લાગ્યો. પછી ચતુરંગ બળયુક્ત સુમિત્ર નરેંદ્ર સેનાથી પૃથ્વીને કંપાવતો દિગ્વિજય કરવા નીકળ્યો, અને ઘણા દેશોને સાધી, અનેક રાજાઓને પોતાના તાબેદાર બનાવીને પોતાના પ્રતાપથી જેણે દિશાઓને આક્રાંત કરેલી છે એવો સુમિત્રરાજા પુન: પોતાની રાજધાનીમાં આવ્યો. તે અનેક રાજકન્યાઓને પરણ્યો. તે સર્વમાં પ્રિયંગુમંજરીને તેણે પટરાણી કરીને સ્થાપી.

કેટલાક વખત પછી તેના બાવીશ બંધુઓ ફરતા ફરતા તેની સેવા કરવા આવ્યા એટલે છ મહિના રાખ્યા પછી સૂરમંત્રી તેમને તેડીને રાજસભામાં આવ્યો. રાજાએ દીન થઇ ગયેલા તેમને તરતજ ઓળખી લીધા. પરંતુ તેમણે સામ્રાજ્યપદને પ્રાપ્ત થયેલા એવા સુમિત્રને વારંવાર જોયા છતાં પરમ બ્રહ્મને દુર્યોગીની જેમ ઓળખ્યો નહિ. પછી રાજાએ તેમને પૂછયું કે–' તમે કોણ છો, કયાંથી આવ્યા છો અને આવા અત્યંત દીન કેમ દેખાઓ છો ? ' તેઓ બોલ્યા કે-" હે રાજન્ ! અનેક રાજાઓના મુગટરત્નોથી જેના સચ્ચરણ રંજિત થયેલા છે એવો ચંપાપુરીમાં ધવલવાહન નામે રાજા હતો. અમે બધા તેના પુત્રો છીએ. વળી એક બીજો પણ તેમનો પુત્ર હતો. એક વખતે મહાજનની અને અમારી પ્રેરણાથી ઉત્તમ ચિંતામણિ સમાન તે પુત્રને રાજાએ પોતાના રાજ્યથી બહિષ્કૃત કર્યો. એટલે તે પોતાના ચાર મિત્રો સાથે કોણ જાણે કયાં ગયો ? તેની માતા તેના રમ્ય ગુણો સંભારીને નિરંતર રોયા કરે છે, અને પાસે રહેલા બધા જનોને રોવરાવે છે. તેના ગયા પછી રાજાને અને મહાજનને બહુ પશ્ચાત્તાપ કરવો પડ્યો. અલ્પ કાળમાં રાજા મરણ પામ્યો, એટલે વંશપરંપરાથી આવેલ છતાં પુણ્યહીન એવા અમારા દુર્ભાગ્યથી શત્રુઓએ રાજ્યરૂપ કલ્પવૃક્ષ બલાત્કારે અમારી પાસેથી છીનવી લીધું. હે દેવ ! એ રીતે રાજ્યભ્રષ્ટ બનવાથી સમસ્ત ભૂમંડળમાં ભ્રમણ કરતાં પણ જેતાનો નિર્વાહ થઇ શકે એવું કોઇ સ્થાન અમને મળ્યું નહીં. તેથી હે રાજેંદ્ર ! સ્વગુણોથી વિશ્વવિખ્યાત એવા તમને નવીન ભૂપ સાંભળીને તમારી સેવા કરવા અમે આવ્યા છીએ. " આ પ્રમાણેની હકીકત સાંભળીને રાજા તરતજ ઉભો થઇ તેમને આલિંગન દઇને મળ્યો અને બોલ્યો કે–' તેજ હું તમારો ત્રેવીશમો લઘુ બંધુ છું. પૂર્વોપાર્જિત પુણ્યયોગે અને આ મિત્રોની સહાયથી મને આ પ્રાજ્ય રાજ્ય પ્રાપ્ત થયું છે, તો તેનો હવે તમે સુખે ઉપભોગ કરો. '

આ પ્રમાણેનાં સુમિત્ર રાજાનાં વચનો સાંભળીને તેઓ વિચારવા લાગ્યા કે–

[illegible] હા ! કેવું રૂપ, અહો કેવું લાવણ્ય, અહો ! એની ઉદારતા. સર્વ ગુણોના આ- ધારરૂપ આ કેવું [illegible] પામ્યો.' એ રીતે વિસ્મયપૂર્વક વિચારી થોડા વખત રહીને તેઓ બોલ્યા કે–' હે ભ્રાત નરેંદ્ર ! તારૂં રાજ્ય તે અમારૂંજ છે, તેમાં કંઇ વિચારવા જેવું નથી. પરંતુ પિતાના રાજ્યમાં અમને વધારે સુખ ઉપજે તેમ છે, માટે કૃપા કરી ત્યાં આવી સરિતાપ્રવાહ જેમ વૃક્ષને ઉન્મૂલન કરે, તેમ સૈન્યબળથી શત્રુઓને પરાજિત કરીને અમને પિતાનું રાજ્ય આપો.' આ વચનો સાંભળતાં રણકૌ- તુકી એવા સુમિત્રે તરતજ સૈન્યને સજ્જ થવાની જયભંભા વગડાવી. એટલે તત્કાળ એકત્ર થયેલ સમસ્ત ચતુરંગ સૈન્યથી પરવરેલા અને પૃથ્વીતલને કંપાવતા એવા તે રાજાએ પ્રયાણ કર્યું. રસ્તામાં અખંડ પ્રયાણો કરતાં સીમાડાના રાજાઓને તાબે- દાર બનાવતો તે પિતાના દેશની નજીક આવી પહોંચ્યો.

પોતાના સૈન્ય સહિત સુમિત્ર રાજાને સીમાડાપર આવેલ સાંભળીને શત્રુ રાજાઓ પણ પોતાનું સૈન્ય એકત્ર કરીને તરતજ સામે આવ્યા. પછી પ્રલયકાળના વાયુથી ક્ષુભિત થયેલા તે બંને સૈન્યરૂપ સમુદ્ર સહ્યાદ્રી અને વિંધ્યાદ્રીની જેમ ધીર નાદ કરીને તરતજ સામસામે મળ્યા. તે વખતે રત્ન, સુવર્ણ અને રજતના અપરિમિત મુગટ અને કુંડલોથી જાણે હજારો સૂર્ય અને ચંદ્ર ભેગા થયા હોય તેવું ગગનમંડળ ભાસવા લાગ્યું. હાથીઓના ગર્જારવથી, અશ્વોના હેષારવથી, રથોના ચીત્કારોથી અને પદાતિઓના ઘોર નાદથી જગત્ નાદમય થઇ ગયું. અશ્વોના ખુ- રથી ઉડતી રજના પૂરથી આકાશ અમાવાસ્યાની રાત્રિ જેવું અંધકારમય થયેલું હોવાથી પ્રેત અને રાક્ષસો સ્વેચ્છાએ ભમવા લાગ્યા. પછી બંને સેનાઓ યુદ્ધ કર- વાને સામસામે ધસી અને જગજ્જનોને આશ્ચર્ય ઉપજાવે તેવું પરસ્પર તુમુલ યુદ્ધ ચાલ્યું. વીરપુરૂષોના પરસ્પર ખડ્ગઘાતથી અગ્નિ ઉછળવા લાગ્યો અને તે યોદ્ધા- ઓના શરીરમાંથી નીકળતા શોણિતરૂપ જળથી શાંત થવા લાગ્યો. સુભટોના ક્રમ ( ચરણ ) પાતથી ઉડેલ ધૂળથી ચારે તરફ અંધકાર વ્યાપી ગયો અને ત્રુટી પડતા મુગટ-રત્નોના સમૂહથી ક્ષણભર ઉદ્યોત થવા લાગ્યો. રક્તના પ્રવાહથી જાણે વેતાલને સંતુષ્ટ કરવામાં આવેલ હોય તેવા તે રણાંગણમાં શિરથી ભિન્ન થયેલા મહા રૌદ્ર ધડો નૃત્ય કરવા લાગ્યા. ચતુરંગમાં ઝપાઝપી થતાં શત્રુસૈન્યના સુભટોએ સુમિત્રના સુ- ભટોને હીન અને કાયર બનાવી દીધા. પોતાના સૈન્યને એ પ્રમાણે પ્રતાપહીન થયેલું જોઇને તરતજ સુમિત્ર રાજાએ પોતાના હાથમાં ધનુષ્ય ધારણ કર્યું, અને ધારાધર સમાન સુમિત્ર રાજહંસોને અસ્તવ્યસ્ત કરતો ધારા સમાન બાણોનો વરસાદ વર- સાવવા લાગ્યો. શત્રુરાજાઓના મુગટોને ખંડિત અને મસ્તકોને મુંડિત કરતાં તેણે લાખો શત્રુઓને હીન બનાવી દીધા, એટલે શત્રુ સૈન્ય ભગ્ન થયું અને **રામચંદ્ર**

સમાજ સહિત સુમિત્ર જયશ્રીને વર્યો. એ રીતે શત્રુઓને પરાજિત કરી પોતાના રાજ્યપર મોટાભાઇ સંગ્રામને તથા બીજા ખંડોમાં અન્ય બંધુઓને સ્થાપી તે પોતાની માતાને મળવા ગયો. તેને આવતો જોઇને નૂતન મેઘજળથી સિક્ત થયેલી વનશ્રેણિની જેમ તે શોભવા લાગી. પછી માતાને પગે પડીને તેની આશિષ મેળવી ભ્રાતાઓના આગ્રહથી સુમિત્ર કેટલાક દિવસ ત્યાં સુખે સુખે રહ્યો. ત્યારબાદ પોતાના બંધુઓની રજા લઇ માતા તથા સૈન્ય સહિત જયશીલ એવો તે પોતાના દેશમાં આવ્યો, અને શુભ મુહૂર્ત્તે પ્રવર હસ્તીપર આરૂઢ થઇને સુવર્ણના તોરણોથી શોભાયમાન એવી પોતાની વિશાળાનગરીમાં પ્રવેશ કર્યો.

॥ इति श्रीहर्षकुंजरोपाध्यायविरचिते दानरत्नोपाख्याने श्रीसुमित्रचरित्रे मूर्छापगमराज्यपट्टाभिषेकस्वकुलक्रमायातमूलराज्यपालनवर्णनो नाम द्वितीय प्रस्तावः॥

## હિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન પૃષ્ટ ૨૪૯ થી )

ધર્મ કહેવાને અયોગ્ય રાગી, દ્વેષી, મૂઢ અને પૂર્વ વ્યુદગ્રાહિત–એ ચાર પ્રકારના મનુષ્યો બતાવ્યા છે, તેમાં પ્રથમ રાગી ઉપર એક સુભટનું દષ્ટાંત આપ્યું, હવે તીવ્ર દ્વેષી–દુષ્ટપરિણામી ધર્મને અયોગ્ય છે તે બતાવવા માટે એક કણબી ખેડુતનું દષ્ટાંત આપે છે:—

એક ગામમાં એક અજીરણ નામનો કણબી રહેતો હતો, તે પ્રથમના જીરણ નામના પટેલની પટેલાઇ છોડાવીને પોતે પટેલ બન્યો હતો. તે કારણથી જીરણ પટેલને તેના ઉપર અત્યંત દ્વેષ હતો, અન્યદા જીરણ પટેલ અત્યંત વૃદ્ધ હોવાથી મરણ પથારીએ સુતો પરંતુ તેના પ્રાણ જતા નથી એમ. જાણીને તેના પુત્રો તેને પૂછવા લાગ્યા કે—" હે પિતાજી ! તમારા પ્રાણ કેમ જતા નથી ? તમને કાંઇ ઇચ્છા રહી ગઇ હોય તો કહો, તમે કહો તે અમે કરીએ. કહો તો તમને તોળીને તેટલું દ્રવ્ય બ્રાહ્મણોને દાન તરીકે આપીયે, કહો તો દુઃખને હરણ કરવાવાળું ગાયનું દાન બ્રાહ્મણોને આપીએ કે જે તમને વૈતરણી નદી ઉતરવામાં કામ લાગે. કહો તો બ્રાહ્મણોને સારી સુંદર શય્યાનું દાન આપીએ કે જેના પર તમે સ્વર્ગમાં સુખે પોઢી શકો, આપની જે ઇચ્છા હોય તે કહો. " એટલે પેલો જીરણ પટેલ બોલ્યો કે—' હે પુત્રો ! જો તમે મારા પુત્ર હો તો મારી એટલી આજ્ઞા પાળો કે અત્યારેજ જઇને પેલા અજીરણ પટેલને મારી આવો. ' પુત્રોએ કહ્યું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

કે—' અરે પિતાજી ! અત્યારે એવી વાત ન કરો, અત્યારે તો રામનું નામ લ્યો કે જેથી તમારૂં કલ્યાણ થાય.' એટલે જીરણ પટેલ ભોંયે પડ્યો પડ્યો પણ ફરીને બોલ્યો કે—' તમે મારા પુત્રોજ નથી, તેથી તમે મારી આજ્ઞા પ્રમાણે કરતા નથી. ત્યારે હવે મારો જીવ સુખે શી રીતે જાય?' આટલું કહીને તે ઝુરવા લાગ્યો. એટલે તેના પુત્રોએ છેવટ કાયર થઈને કહ્યું કે—' તમે ચિંતા ન કરો, અમે તેને મારી નાખશું.' એટલે પેલો બોલ્યો કે—" શી રીતે મારશો? એમ પ્રકટ રીતે મારતાં તો ગુન્હો સાથે આવે અને ઘરબાર લુંટાઇ જાય. માટે હું કહું છું તેમ કરજો.

હું જ્યારે મરી જાઉં ત્યારે તમારે રોવું કરવું નહી અને મને એના ખેતરમાં લઈ જઇને ઉભો કરી મૂકવો. પછી એ ત્યાં આવશે એટલે મને જોતાંજ મારા-પર ઘા કરશે, હું પડી જઇશ, એટલે તમારે દોડી આવવું અને ' આણે અમારા બાપને મારી નાખ્યો ' એમ કહી તેને બાંધીને દરબારમાં લઇ જવો અને ફર્યાદ કરવી. એમ થવાથી રાજા એને સખ્ત શિક્ષા કરશે એટલે મારૂં વેર વળશે." પુત્રોએ એ પ્રમાણે કબુલ કર્યું એટલે તે દુષ્ટ મરણ પામ્યો. પછી તેના પુત્રોએ રોયા કર્યા શિવાય તેના મૃતકને ઉપાડીને અજીરણ પટેલના ખેતરમાં એક ઝાડને ઓથે ઉભું રાખ્યું. થોડી વાર થઇ એટલે ત્યાં અજીરણ પટેલ આવ્યો અને પોતાના ખેતરમાં જીરણ પટેલને એકલો ઉભેલો જોતાંજ તેને ક્રોધ ઉત્પન્ન થયો. એટલે કાંઈપણ તજ-વીજ ન કરતાં લાકડીના એક બે ઘા તેનાપર કર્યા. ત્યાં તો મૃતક ભોંયે પડી ગયું. એટલે સંતાઇ રહેલા તેના પુત્રો દોડતા આવ્યા. અને 'આણે અમારા બાપને મારી નાખ્યો ' એવો પોકાર કરી તેને બાંધી રાજદરબારમાં લઇ ગયા. રાજાએ તેને પ્રત્યક્ષ પુરાવો જોઇને સખ્ત શિક્ષા કરી.

આવા અંત સમય પર્યંત જે તીવ્ર દ્વેષી હોય તેને ધર્મને અયોગ્ય જાણવા. એવા પ્રાણીને ધર્મનો ઉપદેશ આપવો નહીં. એવાને ધર્મોપદેશ આપતાં લાભ થતો નથી, પરંતુ ઉલટી હાનિ થાય છે.

હવે ધર્મની અયોગ્યતાને અંગે ત્રીજા મૂઢ જીવો કહ્યા છે. એવા મૂઢ પણ ધર્મને અયોગ્ય હોય છે. તે ઉપર એક બ્રાહ્મણનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે—

એક બ્રાહ્મણ કાશીએ ગયો હતો, ત્યાં ઘણા વર્ષો રહ્યો. પછી વૃદ્ધ વય થવા આવી એટલે પોતાને ઘરે દેશમાં આવ્યો. ત્યાં ઘણા માણસોની પ્રેરણાથી તે બ્રાહ્મણ પરણ્યો અને એક યૌવનાવસ્થાવાળી રૂપવંત સ્ત્રી લાવ્યો. વય વૃદ્ધ થયા છતાં કામ-દશા ઘટતી નથી તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. લોકોની કે સગાં સંબંધીની પ્રેરણાનું તો એક બ્હાનું છે, ખરી વાત વિષયવૃત્તિ વિરામ પામેલી હોતી નથી તેજ છે.

મનુષ્યો ખરી હકીકતને છુપાવીને બીજાં કારણો લોક સમક્ષ રજુ કરે છે, પરંતુ લોકો કાંઈ તેથી છેતરાતા નથી, તે તો ખરૂં કારણ સમજેજ છે.

હવે બ્રાહ્મણી રૂપવંત હોવા સાથે ચંચળ સ્વભાવવાળી હોવાથી અનેક પ્રકારની ચેષ્ટાઓથી પોતાના પતિના મનનું રંજન કરવા લાગી. બ્રાહ્મણ પણ તેને વશ થઈ ગયો અને તે જેટલું પાણી પાય તેટલું પીવા લાગ્યો. અર્થાત્ તે જેમ કહે તેમ કરવા લાગ્યો. કવિ કહે છે કે—

જે શૂર જે પંડિતા, જે હોય બહુ ગંભીર;
નારી સવે નચાવીઆ, જે હોય બાવન વીર. ૧
સ્ત્રી પ્રાયે સબ વંકડી, મત કો કરો વિશ્વાસ:
માથે ઘટ ચડાવી કરી, પછી દીયે ગળે પાસ. ૨
જિસ કારણ શીર કટ્ટીયે, ધરણી ઢળે જબ દેહ;
રૂધિર પીએ તતક્ષણ મહિ, ધિગ્ ધિગ્ ત્રિયા સનેહ. ૩
નારી મદન તળાવડી, બૂડયો સબ સંસાર:
કાઢણહારો કો નહીં, બૂડયાં બુંબ ન વાર. ૪
વાઘણ વગડા સાંહેલી, જબહી મિલે તબ ખાય;
નારી વાઘણ વશે પડયો, વસતીએ ફાડી ખાય. ૫
કૂડ કપટની કોથળી, સ્ત્રી હોય નિકુરી જાતિ;
દેખી ન શકે રૂઅડું, કરે પિયારા તાંતિ. ૬
નારી દેહ દીવો કહ્યો, પુરૂષ પતંગી હોય;
જગ સઘળો ખુંચી રહ્યો, નીકળે વિરલો કોય. ૭
નારિ નહિ રે આપડા, જાણો વિષની વેલ;
જો સુખ વંછે દેહને, તો તસ સંગત મેલ. ૮
ભીતર વિષની વેલડી, બાહિર અમૃત ઉદાર:
ગુંજાફળ સમ જાણવા. સ્ત્રીના ભાવ વિકાર. ૯
જસ ઘર મહિલા મંત્રણું, દુર્જન કેરી શીખ;
સજ્જન સાથે રૂપણું, એ ત્રણે માગે ભીખ. ૧૦

આ દુહા પ્રકટ અર્થવાળા છે, તેથી તેનો અર્થ લખવાની જરૂર નથી. તોપણ તેમાંના કેટલાક વાક્યોના અર્થનો ઉલ્લેખ કરવામાં આવે છે.

બીજા દુહામાં કહ્યું કે સ્ત્રી માથે બેડું ચડાવીને કુવે લાવે છે અને ત્યાં લાવ્યા પછી તેનાજ ગળામાં દોરડાનો ફાંસો નાંખી તેને કુવામાં ઉતારે છે આ દૃષ્ટાંતમાં ત્યાર પછીની હકીકત જોવાની નથી. કારણકે દૃષ્ટાંત એક દેશી હોય છે, સર્વ દેશી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોતું નથી. સ્ત્રી એ પ્રમાણે પુરૂષને આપણા મુગટતુલ્ય માન્યા છતાં જો પરપુરૂષના ફંદમાં પડેલી હોય છે તો પોતાના પતિનું અહિત કરવામાં બીલકુલ ડર ખાતી નથી.

ત્રીજા દુહામાં એમ કહ્યું છે કે જે સ્ત્રીને માટે માથું કપાવવામાં આવે તે સ્ત્રી પતિનો દેહ પૃથ્વીપર પડ્યા પછી તેના રૂધિરનું પાન કરે છે. તેવી દુષ્ટ સ્ત્રીઓ પણ હોય છે, તેથી સ્ત્રી સાથેના સ્નેહને ધિક્કાર છે.

ચોથા દુહામાં કહ્યું કે-નારીરૂપી કામદેવની તળાવડીમાં સર્વ સંસાર એટલે સર્વ પુરૂષો ડુબી ગયા છે, તેમાંથી તેને કાઢનારા કોઈ જણાતા નથી. એટલે તેમાં ડુબેલાની કોઈ બુંગ સાંભળતું નથી કે તેની વ્હાર-સહાય કરતું નથી.

છેલ્લા દુહામાં કહ્યું છે કે-જેના ઘરમાં સ્ત્રી વિચાર કરવામાં અર્થાત્ સલાહ લેવામાં હોય છે, જેઓ દુર્જનની શીખામણ માનનારા હોય છે, અને જેને સજ્જન સાથે રોષ હોય છે-એ ત્રણે પ્રકારના મનુષ્યો પ્રાયે-પરિણામે ભીખ માગે છે અર્થાત્ દુઃખી થાય છે.

આ પ્રમાણે સ્ત્રી માત્ર દોષોની ભરેલીજ હોય છે એમ એકાંત નથી, તેમાં પણ કેટલીક સદ્‌ગુણી હોય છે. પણ તેવી સંખ્યા બહુ અલ્પ હોય છે. એટલે આ દુહાઓમાંથી રહસ્ય એટલું ગ્રહણ કરવા યોગ્ય છે કે સ્વાર્થી, એકલપેટી, ઇર્ષ્યાવાળી, મૂર્ખ, અજ્ઞાન અને અસતિ સ્ત્રી હોય છે તે તો ઉપર જણાવ્યા પ્રમાણેના સર્વ દોષોની પાત્ર છે.

અહીંઆ બ્રાહ્મણની સ્ત્રી સ્વચ્છંદી થયેલી હતી તેથી કર્તા કહે છે કે-'જે એવી અસતિ સ્ત્રીની શીખામણ માને તે ઘણી ભીખ માગે' હવે આ બ્રાહ્મણ જો કે કાશીએ જઈ આવેલો હતો પરંતુ ખરૂં ભણેલો નહતો. કદી ભણેલો હોય તો ગણેલો નહતો. તેથી તેને તો તે સ્ત્રીના વચનો હૃદયમાં અમૃત જેવાં લાગતાં હતાં.

એકદા કોઈ પરદેશી રાજાએ યજ્ઞ માંડ્યો. તે પ્રસંગે આ બ્રાહ્મણને કાશીથી ભણી આવેલો સાંભળીને તેને યાદ કરી, તેડાવ્યો. તે રાજાનો સુભટ તેડવા આવ્યો તેણે કહ્યું કે-'તમે કાશીથી ભણી આવેલા છો માટે ચાલો, અમારા રાજા તમને યાદ કરે છે. તમને તેડી જવા માટેજ અમે આવેલા છીએ.' બ્રાહ્મણે સ્ત્રીને પૂછ્યું કે-'હું જાઉં?' એટલે તે બોલી કે-"હું તમારી વિના એક ક્ષણ પણ રહી શકું નહીં માટે તમને જવા નહીં દઉં. વળી—

દીઠે સજ્જન આપણે, મન રળિયાયત થાય;
દિવસે દિવસે કમળ જિમ, મન પંજરે ન માય.
સારૂં ફુલ સેવંતરૂં, ભૂમિ પડયું કરમાય;
તે ન કોહજે માનવી, જે પ્રીતિ કરીને જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સખિ હેત કેમ વિસરે, જે મનમાંહે પઈઠુ;
હિયડાથી જો ઉતરે, તો સુપનાંતર દીઠ.

આ પ્રમાણે હોવાથી હે સ્વામી! જો તમે જતા હો તો મને સાથે લઈ જાઓ. કેમકે તમારા વિના દિવસ તો કોઈ રીતે પણ વ્યતીત થાય પરંતુ રાત્રિ તો વરસ જેવી થઇ પડે." આ પ્રમાણેના સ્ત્રીનાં વચનો સાંભળીને બ્રાહ્મણ બોલ્યો કે-" હે સ્ત્રી! તું સાથે આવવાનો હઠ છોડી દે, મને એકલો જવાદે, હું પુષ્કળ દ્રવ્ય લઇને આવીશ, એટલે પછી આપણે સારી રીતે આનંદમાં ને સુખમાં રહેશું."

બ્રાહ્મણી બોલી કે—'હે સ્વામી! આપની ગેરહાજરીમાં મારે આશરો કોનો?' ત્યારે બ્રાહ્મણે એક ગોવિંદ નામના યુવાન છાત્રને બતાવીને કહ્યું કે—' આ ગોવિંદ તારી બધી સંભાળ રાખશે, તારે ચિંતા કરવી નહી.' આ પ્રમાણે બીલાડીને દુધ ભળાવવા જેવું કરીને બ્રાહ્મણ તો વિદાય થયો. પાછળ એકલી ચંચળ સ્ત્રી રહી.

હવે એકલી પડેલી નવયૌવના સ્ત્રીનું ચિત્ત શી રીતે સ્થિર રહે? તેમાં વળી નિર્ભયપણું મળ્યું, એટલુંજ નહી પણ બીજે કાંઇ ગોતવા જવું પડે તેમ પણ ન રહ્યું, એટલે તે ગોવિંદ સાથે લપટાણી.

કહ્યું છે કે—સ્ત્રી વિણ અંકુશ નઈ તરૂ, મંત્રી વિહૂણું રાજ;
એ બહુ કાળ રહે નહીં, ઋષભ કહે મહારાજ.

'ઋષભદાસ કવિ કહે છે કે-હે મહારાજ! અંકુશ વિના સ્ત્રી, નદીના કાંઠાનું વૃક્ષ અને યોગ્ય મંત્રી વિનાનું રાજ્ય બહુ કાળ ટકી શકે નહીં.'

અહીં ગોવિંદ અને બ્રાહ્મણી આનંદ કરવા લાગ્યા અને બહુ સારો સંયોગ મળ્યો છે એમ માનવા લાગ્યા. આવા કામી પુરૂષો પરસ્પર એવા લીન થઇ જાય છે કે પછી તેઓ એકબીજાને છોડી શકતા નથી.

કહ્યું છે કે—રૂડાં માણસ કારણે, જો જગ વૈરી હોય;
ભમર ન છંડે કેતકી, જો શિર કાપે કોય.
વિષધર વાડી ને વિષમઘર, પંચાયણ રૂખખંતિ;
જો જમ બેસે બારણે, રત્તા તો હુ મિલંત.

'રૂડા માણસના મેળાપમાં જો આખું જગત વૈરી થાય તોપણ તેઓ છુટા પડે નહીં. જો કોઈ માથું કાપી નાખે તોપણ ભમરો કેતકીને છોડે નહીં. વળી જેમ વિષધર ( સર્પ ) વાડને છોડે નહીં અને પંચાયણ ( સિંહ ) વિષમઘર ( ગુફા ) ને છોડે નહીં–તેમાં પેસેજ. તેમ જો જમ બારણા પાસે બેઠો હોય તોપણ રક્ત મનુષ્યો મળે–મળ્યા શિવાય રહે નહીં. યમના ભયની પણ દરકાર કરે નહીં.

આ પ્રમાણે ગોરાણી ને છાત્ર આનંદમાં દિવસો વ્યતીત કરે છે અને પરસ્પર

For Private And Personal Use Only

અત્યંત રંગ ભરી ગયા છે. તેવામાં તેમણે બ્રાહ્મણના આગમનની વાત સાંભળી એટલે સ્ત્રીએ કહ્યું કે—

નારી કહે નીશાળીયા, આ પણ બેહુનો રંગ;
આવ્યો પાપી ડોકરો, રંગમાં કરશે ભંગ.

જુઓ ! સંસારનો સંબંધ કેવો સ્વાર્થી છે, જેના પ્રસાદે-જેના દ્રવ્યથી આનંદ કરે છે તે પતિ અત્યારે અળખામણો ઝેર જેવો લાગે છે. સ્ત્રીએ આગળ વધીને ગોવિંદને કહ્યું કે-“ હું તારો સંબંધ છોડવા માગતી નથી, માટે હું એક ઉપાય કહું તે કર. બે મૃતક છાના લઇ આવ, એટલે આપણે ઘરમાંથી સારસાર વસ્તુ લઇ ઘર સળગાવીને ચાલ્યા જઇએ, જેથી કોઇને આપણા પ્રપંચની ખબર પડે નહીં. ” ગોવિંદ પણ કામાંધ બની ગયેલો હોવાથી તેણે તે કબુલ કર્યું. બે મૃતક લઇ આવ્યો અને મધ્ય રાત્રિએ ઘરમાંથી સારસાર વસ્તુ લઇ ઘર સળગાવીને બંને ચાલી નીકળ્યા. ઘર બધું સળગી ગયું. લોકો બે મૃતક જોઇને ગોરાણી ને છાત્રને બળી ગયેલા માનવા લાગ્યા, એટલામાં પેલો બ્રાહ્મણ પણ આવ્યો, તે તો આ બધું જોઇને પોકેપોક મુકીને રોવા લાગ્યો, બંને મૃતકપર હાથ ફેરવવા લાગ્યો અને ગોરાણીના તથા છાત્રના વખાણ કરતો સતો કકળાટ કરવા લાગ્યો. પછી તે બ્રાહ્મણે વિચાર્યું કે-‘ હવે બન્યું તે બન્યું પણ આ બંનેની સદ્‌ગતિ થાય તેમ કરૂં. ’ આ પ્રમાણે વિચારી તેમના અસ્થિ લઇને તે ગંગામાં નાખવા ચાલ્યો. આ પ્રમાણે કરવાથી તેમની સદ્‌ગતિ થશે એમ તેણે માન્યું.

અહીં બ્રાહ્મણી ને છાત્ર પણ ફરતા ફરતા ગંગાકાંઠેજ આવ્યા છે. સ્ત્રીભર્તાર થઇને રહે છે અને આનંદ કરે છે. એવામાં પેલો બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેને જોતાંજ બંનેને પશ્ચાત્તાપ થયો, એટલે પ્રથમ ગોવિંદે તેની પાસે આવીને કહ્યું કે-‘ હે મહારાજ ! હું તમારો છાત્ર ગોવિંદ છું, મારો અપરાધ ક્ષમા કરો અને આ તમારી સ્ત્રીને ગ્રહણ કરી આનંદથી તીર્થયાત્રા કરો. ’ સ્ત્રીએ કહ્યું કે-‘ મારો અપરાધ પણ ક્ષમા કરી મને ગ્રહણ કરો અને આપણે ઘરે પાછા ચાલો. ’ બ્રાહ્મણ કહે કે-‘ તમે બંને કોઇ ઠગારા લાગો છો, મારી સ્ત્રી ને છાત્ર તો બીચારાં મારા ઘરમાં બળી મુવા છે, તે અહીં કયાંથી હોય ? તમે કોઇ વ્યંતર મનુષ્યનું રૂપ કરીને મને છેતરવા આવ્યા લાગો છો, પણ હું એમ છેતરાઉં એવો નથી. માટે જાઓ, ચાલ્યા જાઓ, મારાથી દૂર થાઓ. ’ પેલા છાત્રે ને બ્રાહ્મણીએ ઘણી રીતે અચ્છે કરી સમજાવવા પ્રયત્ન કર્યો, પણ પોતાની સ્ત્રી ને છાત્રના શુદ્ધપણા ઉપર દ્રઢ વિશ્વાસવાળા અને રાગદશાથી મૂઢ બની ગયેલા બ્રાહ્મણે તેમનું કહ્યું બીલકુલ માન્યું નહીં. એટલે તે બંને ત્યાંથી ચાલ્યા ગયા.

આવા મૂઢ માણસો પણ ધર્મને અયોગ્ય હોય છે, તેથી તેવાને ધર્મોપદેશ આપવાનો ફોગટ પ્રયાસ કરવો નહીં.

હવે પૂર્વ વ્યુદ્‌ગ્રાહિત પણ ધર્મને અયોગ્ય છે તે પર દ્રષ્ટાંત કહે છે.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only